Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૪ • તા. ૧૯ થી ૨૫ જાન્યુઆરી ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## હાર્દિક વધામણાં...




દેવ-ગુરૂની અસીમ કૃપાએ... અચલગચ્છના આંગણે...
દશાઈનો ડંકો વાગે રે... જ્ઞાતિ ગૌરવથી ગગન ગાજે રે...
એક નાનકડા સંઘ દ્વારા... અનુમોદનીય સુકૃતની સરવાણી...
શ્રી અચલગચ્છ જૈન સંઘ-આદિપુર આયોજીત
અંતરજાળ (કચ્છ)માં સાધર્મિકો માટે રાહત દરે સાકાર થયેલા
નવનિર્મિત શ્રી ગુણોદય સાધર્મિક ધર્મોદ્યાન
આવાસ સંકુલ (૫૮ બ્લોક) સમાજને સાદર અર્પણ...



શ્રી પદમશી ખીંયશી લોડાયા

સાથે સાથે સોનામાં સુગંધ...
જિનાલય-ઉપાશ્રયના લાભાર્થી પરિવાર
**માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર**
હ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા (સાંયરા)
ના ઉદારદિલ શ્રેષ્ઠ સહયોગ અને સ્વદ્રવ્યથી
સંકુલમાં નવનિર્મિત



માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા

શ્રી વિમલનાથ પ્રભુના ભવ્ય-સોહમણાં જિનાલયનો ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ
અને નૂતન ઉપાશ્રય ઉદ્‌ઘાટન પ્રસંગ આનંદ ઉમંગે સકળ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવાયો.
દિવ્ય કૃપા : રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.
પાવન નિશ્રા : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા.
આશિષ મંગલ શુભકામના : પૂ.આ.શ્રી. કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા. એવમ્ સર્વે સાધુ-સાધ્વીજી વૃંદ

આ પ્રસંગે ચતુર્વિધ સંઘની સૌભાગ્યવંતી ઉપસ્થિતિ રહી. ધર્મના શ્રેષ્ઠ આલંબનરૂપ ભવ્ય જિનાલય-ઉપાશ્રય સંઘને સાદર ભેટ ધરાયું. 'દશાઈઓના દેરા' શ્રૃંખલામાં એક વધુ મોરપીછ ઉમેરાયું. આવા સોનેરી સુકૃતની ભુરી-ભુરી અનુમોદના અને ઐતિહાસિક અવસરના હાર્દિક વધામણાં...

આ સમગ્ર પુણ્યવંતા કાર્યમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે પ્રેરક અને સહભાગી થનારા સર્વે પૂ. શ્રમણ-શ્રમણી વૃંદ, ઉદારદિલ દાતાઓ, સમજસેવી કાર્યકરો, જ્ઞાતિજનો અને આ આવાસ સંકુલ તથા જિનાલય-ઉપાશ્રય નિર્માણમાં સહભાગી થયેલ સૌ કર્મશિલ્પીઓને અંતઃકરણની વંદના... અનુમોદના... અભિવાદન...

એક નાનકડા સંઘે સાધર્મિક સહાય પ્રવૃત્તિની અતિ આવશ્યક જરૂરીયાત સાકાર કરી જે પહેલ કરી છે અને સૌ માટે પ્રેરક દૃષ્ટાંત બેસાડ્યું છે સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવરૂપ છે પ્રશંસનીય, અભિનંદનીય અને અનુમોદનીય છે....

## હાર્દિક અભિનંદન !



**કુ. જહાન્વી મૈશેરી (ઉ.વ. ૨૩)**
(જખૌ - નાગપુર)

કુ. જહાન્વીએ Diploma in Interior Designing માં First Class મેળવી અમારા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. ભવિષ્યમાં હજી પણ પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ સહિત અભિનંદન !!

દાદાણાં : શ્રી રતીલાલ માણેકજી મૈશેરી, બુરહાનપુર
માતા-પિતા : સૌ. મીના મુકેશ મૈશેરી
નાનાણાં : પ્રેમજી ભીંયશી લાલકા, ઇન્દૌર
ભાઈ-ભાભી : મયંક - તન્વી


**અનુમોદના.....**
**અભિનંદન.....**

કચ્છની શીંગીશ્રા આદિપુર
અંતરજાળ મહાવીર નગરે શ્રી ગુણોદય ધર્મોદ્યાન
ની પાવનીય ભૂમિપર
કચ્છ સાંયરા નિવાસી ઉદારદિલ ધર્મપ્રેમિ - ક.દ.ઓ. જ્ઞાતિગૌરવ
શ્રી શાંતિલાલભાઇ અને ધર્મપરાયણ શ્રીમતી જયાબેન સ્વદ્રવ્યથી
નયનરમ્ય સુંદર ગૃહજિનાલય તથા ઉપાશ્રયનું નિર્માણ કરાવી
પ્રગટ પ્રભાવી શ્રી વિમલનાથ દાદાની ભવ્યાતિભવ્ય
અંજનશલાકા પ્રતિષ્ઠા દશાન્હિકા મહોત્સવ સહ કરાવી
સંપતિને સુકૃત ગામી શાશ્વતબનાવી.
અભિનંદન આપતા અનુમોદના કરતાં
અમારૂ હૈયું હર્ષ અનુભવે છે.

તીલક શાહ    ભીખુ શાહ

PRATIK CATERERS
48/D, 9-B/D, GANDHIDHAM - KUTCH.
M. 99 79 28 23 65, 94 26 95 17 65
Email : pratikcaterers@gmail.com


# ભાવભીની શ્રધ્ધાંજલિ...

જન્મ
૧૬.૪.૧૯૪૭



અરીહંતશરણ
૧૮.૧.૨૦૧૧

**સ્વ. શ્રી. ગુલાબચંદ વેલજી કાનજી દંડ**
(મંજલ રેલડીયા - હુબલી)

આપની બીજી પુણ્યતિથીએ સમસ્ત પરિવારની ભાવભીની શ્રધ્ધાંજલી
આપની પ્રેરણા અને આશિર્વાદ અમારી પ્રગતિના રાહબર છે...
આપના આત્માને પરમ શાંતિ મળો એજ અંતરની પ્રાર્થના...
પૂ. અધાજી, આજે અમે તમને miss કરી રહ્યા છીએ...

: શ્રધ્ધાસુમન અર્પણ :

**માતુશ્રી ગુણવંતીબાઈ વેલજી કાનજી દંડ પરિવાર**
ધર્મપત્ની : **શ્રીમતી સુનિતાબેન ગુલાબચંદ દંડ**
પુત્રવધુ-પુત્ર : **સૌ. રાખી નીલેશકુમાર દંડ**
દિકરી-જમાઈ : **સૌ. લેખા (રીંકી) સુશીલ સોની (વાંકુ-ભુજ)**
પૌત્રી-દોહીત્રી : **તનિશ્કા, અનિષ્ઠા અને શ્રેયા**
**એવમ્ સમસ્ત શ્રી વેલજી કાનજી દંડ પરિવાર અને સંબંધીઓ**
શ્વસુર : **શા. વાલજી પુંજાભાઈ પીર પરિવાર (સુથરી-મલકાપુર)**

**આદ્યતંત્રીઓ**
"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 3 / 2013**

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# બૃહદ મુંબઈમાં ધાર્મિક અને અન્ય ક્ષેત્રોએ જ્ઞાતિનું ગૌરવભર્યું યોગદાન

શ્રી દેવજી દામજી ખોના

## *કોલાબાથી અગાશી અને વી.ટી.થી થાણા સુધીના જિનાલય, ઉપાશ્રય કે અન્ય સંસ્થાઓના નવ નિર્માણ કે નિભાવમાં જ્ઞાતિની પ્રેરક અને અનુપમ હિસ્સાની તેજસ્વી તવારીખ :-*

સં. ૧૯૨૧માં અચ્છલગચ્છાધિપતિ પૂ. ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરિશ્વરજીની નિશ્રામાં જ્ઞાતિ ગૌરવ શેઠ કેશવજી નાયકે પાલીતાણામાં કરાવેલ અંજન શલાકા પ્રસંગે ૭,૦૦૦ સાત હજાર નૂતન નિજબિંબોની પ્રાણ પ્રતિષ્ઠા થયેલ. જેમાં જ્ઞાતિબંધુઓ ઉપરાંત અન્ય જૈન બંધુઓએ પણ પોતે ભરાવેલી જિનમૂર્તિઓની અંજનવિધિ કરાવેલ. સં. ૧૯૨૧ પછી કચ્છ અંતર્ગત અબડાસા, બાવન બેતાલા (વી.ઓ. ના વસવાટવાળા ગામો), કંઠી તથા જ્ઞાતિ હસ્તકના હાલાર વિભાગ તથા દેશાવરોમાં બંધાયેલ જિન મંદિરોના મૂલનાયક પ્રભુ તથા ગભારાનાં અન્ય પ્રતિમાજીઓ લગભગ આજ પ્રસંગના છે. જે તે તે ગામના સંઘને વગર નકરાએ ભેટ આપવામાં આવેલ. મુંબઈમાં પણ જે જે દેરાસરજીમાં આ પ્રતિમાજીઓ છે, તેનો ઉલ્લેખ કરતી વખતે (કે. ના અં) એટલે શેઠ કેશવજી નાયક તરફથી અંજન શલાકા પ્રસંગના પ્રતિમાજીઓ છે એમ સમજવું.

**કોલાબા :** રૂ બજાર જ્યારે કોલાબામાં હતી ત્યારે કેટલાક જ્ઞાતિ પરિવારો ત્યાં વસતા હતા. તે વખતે અહીંના જિનમંદિરના નિર્માણમાં જ્ઞાતિબંધુઓએ સારો એવો ફાળો આપીને રાજસ્થાની સમાજને મદદરૂપ બન્યા હતા. તેમજ દેરાસરજીના વહીવટમાં પણ અગ્રણી હતા. હાલ ત્યાં આપણો વસવાટ ન હોવાથી મારવાડી સમાજ અહીંનો વહીવટ સંભાળે છે.

**શ્રી અનંતનાથજી દેરાસર :** સં. ૧૮૯૦માં અચલગચ્છાધિપતિ પૂ. ભટ્ટારક શ્રી મુક્તિ સાગરસૂરિશ્વરજીની નિશ્રામાં જ્ઞાતિ શિરોમણી શેઠ નરસી નાથાના વરદ્હસ્તે શ્રી અનંતનાથજી દાદાને ગાદીનશીન કરવામાં આવ્યા હતા. મુંબઈનું પાંચમું અને અચલગચ્છનું સૌ પ્રથમ ૧૭૬ વર્ષ પ્રાચીન તીર્થસ્વરૂપ આ દેરાસરજી સમૃદ્ધિની દૃષ્ટિએ ભારતભરમાં અગ્રસ્થાને છે. ભારતભરના પવિત્ર તીર્થો, અન્ય જિન મંદિરો અને જ્ઞાતિ હસ્તકના દેરાસરોના નવનિર્માણ અને જિર્ણોધ્ધારમાં આ ટ્રસ્ટ તરફથી લાખો રૂપિયાની સહાય આપવામાં આવી છે, હજી પણ અપાય છે. અહીં પ્રાચીન અને ચમત્કારી શ્રી અનંતનાથજી દાદા સિવાયના અન્ય સઘળા પ્રતિમાજીઓ કે.ના.અં. વખતના છે. ટ્રસ્ટ બોર્ડમાં જૈન દેરાસરજીના પ્રથમ મહિલા ટ્રસ્ટીઓ તરીકે સૌ. દેવકાબેન જવેરચંદ પદમશી તથા સૌ. ડૉ. ધનલક્ષ્મીબેન વેરશી માડણને ટ્રસ્ટી તરીકે ચૂંટીને જ્ઞાતિએ જૈન સમાજમાં એક ચીલો ચાતર્યો હતો.

**શ્રી આદિશ્વરજી દેરાસર (ભાતબજાર) :** શ્રી અનંતનાથજી દેરાસરજીની સ્થાપના બાદ બરાબર પચીસ વરસે શ્રી. ક.વી.ઓ. મહાજનશ્રીએ સં. ૧૯૧૫માં આદિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા કરી. આ જિનાલયના નવનિર્માણમાં જ્ઞાતિ શ્રીમંતોએ પોતાની ફરજ સમજી સ્વેચ્છાએ સારો એવો ફાળો નોંધાવેલ, જેઓ પૈકી જખૌના શેઠ જીવરાજ રતનશી (રત્નટુંકવાળા) એ રૂા. ૧૦,૦૦૦/- નો ફાળો આપ્યાનો ઉલ્લેખ એમના જીવન ચારિત્ર્યમાંથી સાંપડ્યો છે. કેટલાક પ્રતિમાજીઓ કે.ના.અં. વખતના છે.

**શ્રી ગોડીજી દેરાસર (પાયધુની) :** મુંબઈ અંતર્ગત કોટનું સૌ પ્રથમ શ્રી શાંતિનાથજી ભગવાનનું દેરાસરજી બંધાયા પછી કોટ (કિલ્લા) બહારના સૌ પ્રથમ શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીની પ્રતિષ્ઠા ખંભાત નિવાસી મોતીશા શેઠે કરી હતી. ત્યારબાદ શ્રી ગોડીજી ભગવાનના ગભારાની બરાબર ઉપરના ગભારામાં બીજે માળે સં. ૧૯૨૭માં શેઠ કેશવજી નાયકે મૂળ નાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ (કે.ના.અં.) તથા અન્ય જિન પ્રતિમાજીઓ (કે.ના.અં.) ની પ્રતિષ્ઠા કરી હતી.

**બાબુ પનાલાલાનો બંગલો (નારાયણ ડાભોલકર રોડ, વાલકેશ્વર) :** અસલમાં શેઠ કેશવજી નાયકે પોતાના વસવાટ માટે વિશાળ કંપાઉન્ડમાં મોટો બંગલો બંધાવેલ, તથા પાછળની બાજુએ સમુદ્ર કિનારાની અડોઅડ એક ગૃહમંદિર બંધાવેલ જેમાં પંચધાતુના મુલનાયક ભગવાન (કે.ના.અં.) ને બિરાજમાન કરેલ. આ દેરાસરજી એજ સ્થિતિમાં ઉભું છે. સંજોગવશાત્ આ સઘળી મિલ્કત ધર્મના નાતે એમણે બાબુ પનાલાલને નજીવી કિંમતે (ટોકન પ્રાઈસ) સોંપી દીધી.

**બાણગંગા સ્મશાન (વાલકેશ્વર) :** અચલગચ્છાધિપતિ પૂ. ભટ્ટાકર શ્રી વિવેકસાગરસૂરિશ્વરજી સં. ૧૯૪૮માં શ્રી અનંતનાથજી ઉપાશ્રયમાં કાળધર્મ પામતાં સમસ્ત મુંબઈના બધા બજારો બંધ રહ્યા હતા. એમની શાનદાર ભવ્ય સ્મશાન યાત્રામાં જૈન, હિન્દુ, મુસલમાન, યુરોપીયન, પારસી, ખ્રીસ્તી, યહુદી શીખ આદિ જૈન જૈનેતર શહેરીજનો હજારોની સંખ્યામાં જોડાયા હતા. વાલકેશ્વર અંતર્ગત બાણગંગા સ્મશાનમાં જે જગ્યાએ એમના દેહને અગ્નિદાહ દેવામાં આવ્યો હતો. તેના ઉપર સુથરીના શેઠ દામજી મેઘજી દંડે શિખરબંધી ગુરૂમંદિર બંધાવી એમાં શ્રી વિવેકસાગર સૂરિજીની પાદુકાની સ્થાપના કરેલ. આ પાદુકા અંગે નમણ, પૂજા તથા પૂજારીની પગારના ખર્ચની રકમ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તરફથી આપવામાં આવતી હતી. સં. ૨૦૧૭માં સ્વર્ગવાસ પામેલ પૂ. આ. શ્રી દાનસાગરસૂરિશ્વરજીના અગ્નિદાહ પ્રસંગે અન્ય ધર્મના ગુરૂઓની અનેક દેરીઓ સાથે શ્રી વિવેકસાગરસૂરિશ્વરજીનું ગુરૂમંદિર પણ છે. સં. ૨૦૩૮માં સ્વ. પૂ. યતિશ્રી મદનચંદજી મહારાજને અહીં અપાયેલ અગ્નિદાહ પ્રસંગે અમુક મોટી દેરીઓ રાખીને અન્ય નાના સ્મૃતિ સ્મારકોને વિસર્જન થયેલાં. સદ્ભાગ્યે શ્રી વિવેકસાગર-સૂરિજીનું મંદિર મૂળ સ્નાથેથી ખસેડી અગ્નિદાહ નજીકની જગ્યા ઉપર પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે. અહીં પાદુકાની પૂજા થતી નથી. શ્રી અનંતનાથજી ટ્રસ્ટ બોર્ડ આ સ્મશાનના અધિકારીઓનો સંપર્ક સાધી આ ગુરૂમંદિરને સહિસલામત સ્થળે ખસેડવા તથા પાદુકાની સેવા પૂજા થાય તેવો પ્રબંધ કરે તે ઈચ્છનીય છે.

**શ્રી આદીશ્વર દેરાસર (ભાયખલા) :** (અ) મોતીશા શેઠે બંધાયેલ શ્રી શત્રુંજય તીર્થ સ્વરૂપ આ દેરાસરમાં કારતક વદ ૧૫ તથા ચૈત્ર સુદ ૧૫ના દિને શ્રી સિધ્ધગીરીનો પટ બાંધવામાં આવે છે. ત્યારે મુંબઈના જૈનો અહીં દર્શનાર્થે આવીને પાલીતાણાના શ્રી આદિશ્વર દાદાને ભેટ્યા જેટલો આનંદ મેળવે છે. અહીં દર સોમવારે ભાવિકો વિશાળ સંખ્યામાં દર્શને પધારે છે. શ્રી મેઘજી કાનજી ભેદા જેવા ઘણાંનો એવો નિયમ હોય છે. શ્રી આદિશ્વર દાદાની બરાબર સામે પ્રવેશદ્વાર ઉપર સાંધવ નિવાસી શા રાયશી દેરૂ ખોનાએ દેરાસર બંધાવી એમાં મૂલનાયક શ્રી અજિતનાથજી આદિ સાત (કે.ના.અં.) જિન પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરીને એનો વહીવટ મોતીશા ટ્રસ્ટને સોંપી દીધો. એમના વંશજો વરસગાંઠ પ્રસંગે ધજા ચડાવતા હતા. હાલ નૂતન દેરાસરજી બંધાતા આ દેરાસરજીમાં મૂલનાયક શ્રી આદીશ્વરજી દાદાની જમણી બાજુએ ઉપરોક્ત શ્રી અજિતનાથ ભગવાનને તોરણીઆ મૂલનાયક તરીકે બિરાજમાન કરવામાં આવ્યા છે.

**(બ) દાદાવાડી :** મોતીશા શેઠ ખરતરગચ્છના હોવાથી અહીં ખરતરગચ્છના અતિપ્રભાવક સર્વમાન્ય પૂ. દાદાશ્રી જિનદત્તસૂરિ, જિનચંદ્રસૂરિ અને જિનકુશળસૂરિ આદિ ત્રણ યુગ પ્રધાન આચાર્યોની બંધાવેલ દેરીઓને, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાના સ્થાપક પરજાઉના શેઠ કલ્યાણજી વર્ધમાન તેજશી વીકમશીએ સં. ૧૯૫૮માં ચાંદીના પતરાથી મઢાવીને સુશોભિત કરેલ છે.

**(ક)** આ વિશાળ સ્કુલની પછવાડે પૂર્વ તરફ જખૌના શેઠ જીવરાજ રતનશી ('રત્ન ટુંક'વાળા) ની વિશાળ જમીન હતી જે સંજોગોવશાત્ એમણે મોતીશા ટ્રસ્ટને તદ્દન નજીવી કિંમતે (ટોકન પ્રાઈસ) આપી દીધી. આ ખાલી પ્લોટ અમથો બીન ઉપયોગી પડી રહેતો હોવાનો દાવો રજુ કરી ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટે એને મેળવવા (એકવાયર) મોતીશા ટ્રસ્ટ ઉપર કેસ માંડ્યો. ઈ.સ. ૧૯૨૨-૨૩ના અરસામાં પતાવટ થતાં અડધો ભાગ ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટને સોંપવામાં આવ્યો જ્યાં એણે સીમેન્ટ ચાલીઓ બાંધી. બાકી રહેલા અર્ધા ભાગ ઉપર ચાલીસેક વરસો પૂર્વે મોતીશા ટ્રસ્ટને જૈનો માટે મકાનો બાંધ્યા છતાં ઘણી ફાજલ રહેલ જમીન ઉપર હાલ કેટલાક મકાનો બંધાયા છે.

**શ્રી સુવિધિનાથ જૈન દેરાસર (ચીંચપોકલી-લાલબાગ) :** શ્રી ક.વી.ઓ.દે. મહાજનશ્રીએ સાઠેક વરસો અગાઉ બંધાયેલી આ દેરાસરજીના મૂલનાયક વિશાળ ભવ્ય શ્રી સુવિધિનાથજી ભગવાનના પ્રતિમાજી તથા બંને બાજુના તોરણીઆ જિનબિંબો (કે.ના.અ.) નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ તરફથી ભેટ આપવામાં આવ્યા છે.

*(ક્રમશઃ)*


**પ્રકાશ સમીક્ષાના જાહેરાત દર**

| | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 cm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160x111 cm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77x111 cm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77x54 cm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77x27 cm | - | ૩૫૦ |

## 'અનંતછાયા' : અજ્ઞાન કે અસત્ય? - પ્રવીણ ખોના

મુંબઈ મહાજનશ્રી દ્વારા પ્રકટ કરાયેલ "કે.ડી.ઓ. વર્લ્ડ" ધારણા પ્રમાણે જ્ઞાતિના સર્વે કુટુંબોને મોકલાયેલ હશે. એમાં "ઈમ્પરલ, ઈશ્યુ અને ઈલાજ" નામે છપાયેલ લેખમાં "અનંતછાયા" અંગે ટ્રસ્ટબોર્ડ તરફથી લેવાયેલા પગલાંનો જે પાંગળો બચાવ કરવામાં આવેલ છે તે વાંચીને ટ્રસ્ટી સાહેબો પર દયા ઉપજે છે! એમાં જે વિગતો છાપવામાં આવેલ છે તે સત્યથી વેગળી અને ટ્રસ્ટીઓના 'અનંતછાયા'ના ભૂતકાળ અંગેની અજ્ઞાનતાનું દર્શન કરાવે છે.

'પ્રકાશ સમીક્ષા'ના તા. ૫.૧.૧૩ના અંકમાં છપાયેલ "સમસ્ત મહાજન" નો ટ્રસ્ટીઓને લખવામાં આવેલ પત્ર જેની નકલ મુંબઈ મહાજનશ્રીને પણ મોકલવામાં આવેલ છે, તે અનંતછાયા અંગે સમસ્ત જ્ઞાતિના વિચારો પ્રદર્શીત કરે છે.

એક બાબત ખ્યાલમાં રહે કે, જ્ઞાતિ અનંતછાયાના રીડેવલપમેન્ટ કે તેના ભાડૂતો વિરૂદ્ધ નથી. વિરોધ છે જે રીતે આ સમગ્ર બાબતનો ટ્રસ્ટીઓ દ્વારા લેવાયેલ અ.છા. ના વેચાણ અંગે ખોટા નિર્ણયનો. જ્ઞાતિના પ્રતિભાવ જાણ્યા વગર જે પગલાં લેવામાં આવેલ છે તે સામે છે. સમસ્ત જ્ઞાતિ, મુંબઈ બહારના પણ ટ્રસ્ટની માલમિલકત અને અનંતછાયા અંગે જે લાગણીશીલતા ધરાવે છે તેને ટ્રસ્ટીઓ જે રીતે નજરઅંદાજ કરે છે તે ગ્લાનિપ્રેરક છે.

ક.દ.ઓ. વર્લ્ડમાં સદર લેખ કોણે લખેલ છે? લેખમાં લેખકનું નામ આપવામાં આવેલ નથી. પાના નં.૩૩ પર સદર લેખમાં કેટલીક વિરોધાભાષી વાતો એ ભૂલભરેલ અને ગેરસમજ ફેલાવતી હકિકતો છપાયેલ છે. પાના ૩૨ના બીજા પેરેગ્રાફમાં ઈમારત ૭૦ વર્ષ જૂની બતાવાઈ છે. જ્યારે પાના ૩૪ પર છેલ્લા પેરામાં લખવામાં આવેલ છે કે, ૧૯૬૦ના દાયકામાં ઘાટકોપરમાં અનંતછાયાનું નિર્માણ થયું. અત્રે રજુઆત કદાચ ભૂલચૂકનું પરિણામ હશે.

લેખની શરૂઆતમાં જ ૨૦૧૧માં વરસાદના કારણે વિચિત્ર જીવડાના ઉપદ્રવનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર લેખના લખનારને કદાચ ખ્યાલ નહિ હશે કે અનંતછાયાની જગ્યાએ ઘણા વર્ષો પૂર્વે ખાડી હતી, મીઠાના અગર હતા. ખાડી પૂરીને આ પ્લોટ બનાવવામાં આવેલ. ખાડીના રીક્લેમ કરેલા પ્લોટ પર બાંધેલ મકાનોમાં જીવાતનો ઉપદ્રવ રહે જ છે. અનંતછાયાના બાંધકામ બાદ શરૂઆતના થોડા વર્ષો તો વરસ માટે બનાવેલ અથાણાં પર ૩/૪ મહિનામાં જ ફૂગ ચડી જતી અને અથાણા બગડી જતા. પ્લોટની પાછળનો વિસ્તાર પણ ખાડીનો હતો. એટલે ઉંદરો, મચ્છર, જીવડાનો ત્રાસ સતત રહેતો. અત્યારે આખા મુંબઈ શહેરમાં ગંદકી ફેલાયેલી છે, અને કચરાના ઢગલા ઠેરઠેર ખડકાયેલા પડ્યા છે, જેના કારણે મચ્છર, જીવાત, ઉંદરો પૂરબહારમાં છે. આ ત્રાસ અનંતછાયાની આસપાસના મકાનોમાં પણ છે. આસરે ૧૯૮૨ જ્યારે હું ટોકરશીભાઈ, ધનપતિભાઈ, મહેન્દ્રભાઈ તથા અન્યો ટ્રસ્ટીઓ તરીકે હતા ત્યારે રીપોર્ટ મળ્યા કે ઉંદરોએ મકાનની આસપાસની જમીન ખોદીને દર બનાવ્યા છે. અને મકાન બાંધકામના નિષ્ણાંતનું મંતવ્ય લેતા, તેણે જણાવેલ કે ઉંદરો મકાનની આજુબાજુની જમીનને જ નહીં, પણ મકાનના પાયાને પણ ખોદી નાખશે. ઉંદરોના ઉપદ્રવને નિવારવા માટે મકાનોની ચારે બાજુની ચારચાર ફૂટ જમીન ખોદી, તેના અંદર કાચના ટુકડા ભરી, તેના ઉપર સીમેન્ટ કોન્ક્રીટની પરથાર કરવામાં આવી.

સદર લેખમાં જેમના મંતવ્યો છપાયા છે તેઓ આજથી ચાલીસ વર્ષો પહેલા કદાચ જન્મ્યા જ ન હશે. અથવા તે વખતે તેઓ સ્કૂલે જતા બાળકો હશે. તેથી અનંતછાયાના ઈતિહાસની તથા લગભગ દરેક ટ્રસ્ટબોર્ડે અનંતછાયાના ભાડુતોના હાલાકી દૂર કરવા કેટલા ચિંતીત હતા અને તેમણે શું પગલાં લીધેલા તેની તેમને જાણ ન હશે.

'અનંતછાયા'ની જમીન ખરીદી અને બાંધકામ થયું ત્યારે શ્રી લક્ષ્મીચંદ લાલજી, ઝવેરચંદ પદમશી, માણેકજી વેલજી, દેવજી દામજી વી. ટ્રસ્ટીઓ હતા. જેઓ અનંતછાયાની વર્ષમાન બે-ત્રણ વિઝીટો કરતા. અને ભાડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્નો કરતા ત્યારબાદ સર્વશ્રી ચંદુલાલ કાનજી, વેરસી માડણ, જયચંદ શામજી, વર્ધમાન વશનજી, રતીલાલ આણંદજી, વ. ટ્રસ્ટીઓ હતા. જેઓ અવારનવાર અનંતછાયાની મુલાકાત લેતા. તે વખતે પાણીનો પ્રશ્ન વિકટ હતો. શ્રી ચંદુલાલ કાનજીએ રાતના ૧૧ વાગ્યે, જ્યારે મ્યુનિસિપલ લાઈનમાં પાણી આવતું ત્યારે અનંતછાયાની મુલાકાત લીધી. આગાસીમાં ગયા અને કમ્પાઉન્ડમાં એક એક્સ્ટ્રા અડધી અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવીને પાણીનો પ્રોબ્લેમ સોલ્વ કરેલ, ત્યારબાદ અમે કેટલાક યુવાનો તથા સર્વશ્રી નરશી નેણશી, ચત્રભુજ નરશી વી. ટ્રસ્ટી હતા અને અવારનવાર અનંતછાયાની મુલાકાત લેતા. ટ્રસ્ટના મકાનોના ભાડૂતોના પ્રશ્નો સોલ્વ કરવા માટે એક ખાસ સુપરવાઈઝરની નિમણુંક કરવામાં આવેલ. એટલે સદર

લેખમાં ૩૨મા પાને ત્રીજા પેરામાં લખવામાં આવેલ છેકે, જ્ઞાતિના ઈતિહાસમાં ક્યારેય કોઈ ટ્રસ્ટી 'અનંતછાયા' કે જ્ઞાતિની કોઈ જગ્યામાં રહેતા લોકોને મળવા નહોતા ગયા એ સત્યથી સદંતર વેગળી હકિકત છે. લેખમાં લખવામાં આવેલ છે કે, ૨૦૧૨માં પહેલીવાર, નવા ચૂંટાયેલા ટ્રસ્ટીઓ, 'અનંતછાયા'માં આવ્યા તે બદલ તેમને અભિનંદન, પરંતુ ભૂતકાળના ટ્રસ્ટીઓને અન્યાય કરવો અયોગ્ય છે. તમારી લીટી મોટી દોરો, પણ અન્યની લીટી ભૂંસો નહીં.

સદર લેખના પાના ૩૩ પરના ૨જા અને ૩જા પેરામાં લખવામાં આવેલ છે કે, ભાડૂતોએ અનંતછાયાના ફ્લેટ સાત હજારમાં ખરીદ્યા હતા. અત્યારે જ્ઞાતિપ્રેમના કારણે અન્યત્ર જગ્યા ન લેતા અનંતછાયામાં રહેવાનું પસંદ કર્યું. શા માટે અવળી રજૂઆત કરો છો? પાછળના ૬૪ બ્લોક તો કોર્ટના ઓર્ડર અનુસાર લોટરી દ્વારા ફાળવવામાં આવેલ, અને તે પણ અરજી કર્યાના ૫/૬ વર્ષો બાદ, જગ્યાની જરૂરત હોય તો કોઈ ૫/૬ વરસ જગ્યા મળવાની રાહ ત્યારે જ જૂવે જ્યારે જગ્યા કોઈ પણ જાતની કિંમત આપ્યા વગર મળવાની હોય. સાત/સાત હજાર રૂપિયા આપીને જગ્યા લેવવાળાને અન્યત્ર ઓછા ભાવે જગ્યાઓ મળી હતી. શા માટે કોઈ અન્યત્ર મળતી સસ્તી જગ્યા છોડીને ૫/૬ વર્ષો સુધી અનંતછાયામાં જગ્યા મળવાની રાહ જુવે? ભાડૂતો તે વખતે રૂા. ૧૩૫ ભાડું આપતા હતા. તે હવે વધીને રૂા. ૬૦૦/૭૦૦ થયું છે. પચાસથી સાઈઠ હજાર રૂપિયાના ભાડાની વાત કરવી સદંતર ગેરરજૂઆત છે.

કેટલાક ભાડૂતોને અનંતસિધ્ધિના ઘરના બદલામાં અનંતછાયામાં ઘર મળ્યા હતા તે વાત ગળે ઉતારવી મુશ્કેલ છે. કારણ કે અનંતછાયાનું બાંધકામ અનંતસિધ્ધિના બાંધકામ પહેલાં થયું હતું. કદાચ એમ હોઈ શકે કે, ભાંડુપના અનંતસિધ્ધિના પ્લોટ પર પહેલા જે સેનેટોરીયમ હતી. તેને તોડીને નવા મકાનો બાંધવાનો પ્લાન હતો. એટલે શક્ય છે સેનેટોરીયમના ભાડૂતોની રૂમનો કબજો લઈને તેમને અનંતછાયામાં જગ્યા આપવામાં આવેલ હોય. સેનેટોરીયમમાં પણ ભાડૂતોને કંઈપણ કિંમત લીધા વગર જગ્યા આપવામાં આવેલ હતી. ૧૯૪૪ના ધડાકાની અસર પામેલ કેટલાકને સેનેટોરીયમમાં કોઈ પણ વળતર લીધા વગર વસાવવામાં આવેલ.

રહી દેરાસરના બાંધકામની વાત. આપણી જ્ઞાતિના એક જીંદાદિલ બિલ્ડરે અનંતછાયા પર પોતાના ખર્ચે શીખરબંધ દેરાસર બાંધી આપવા કહેલ ઓફરને ટ્રસ્ટી સાહેબોએ ઠુકરાવી દીધી છે. ડેવલપરે દેરાસર બાંધી આપવા MOU માં કબુલાત આપી છે તે પાછળનો તેનો ઈરાદો તેને મળનારા વધારાના પચાસ સાંઈઠ હજાર ચો. ફુટના ફ્લેટ વેચવાનો તેને જે હક્ક મળેલ છે. તે બ્લોકો અન્ય જૈનોમાં આસાનીથી ઊંચા ભાવે વેચી શકાય તે છે. મુસલમાન બિલ્ડરો પણ પોતાના બ્લોકો જૈનોને સારા ભાવે વેચી શકાય તે માટે દેરાસર બાંધે છે, જેના પાછળ વ્યાપારી માનસ કામ કરે છે. ડેવલપર ભાડૂતને ભાડૂતી હક્કોના બદલામાં ઓનરશીપથી જગ્યા આપે છે. તે પાછળનુ ગણિત છે કે, જૂના મકાનનું રીડેવલપર કરીને નવું મકાન બાંધે તો જે વધારાની એફએસઆઈ મળે તે હિસાબે પહેલાં હતા તે કરતાં ઘણા વધારે બ્લોકો બાંધી, તેમને ઊંચી કિંમતે વેચે. એટલે કોઈ પણ ડેવલપર ઉપકાર કરવાની ભાવનાથી નહીં, પણ વેપારી માનસ રાખે છે જે સ્વભાવિક છે.

'અનંતછાયા'ના ભાડૂતો સિવાયના કેટલા જ્ઞાતિજનો આ વેચાણ સાથે સંમત થાય છે? અનંતછાયા રીકન્સ્ટ્રક્શન થાય અને ભાડૂતોને નવી જગ્યા મળે તેના વિરૂદ્ધમાં કોઈ નથી. મતભેદ છે રીડેવલપમેન્ટ કઈ રીતે કરવું તે બાબત અંગે. અનંતછાયાના વેચાણ બાબતે જ્ઞાતિ બિલકુલ સહમત નથી તે સમક્ષ અનંતછાયા મહાજનના પત્ર પરથી સિધ્ધ થાય છે. અનંતછાયા ચૂકાદો થોડા જ સમયમાં જ આવશે. જ્ઞાતિને ફરીથી કોર્ટે ચડવાની ફરજ ન પડે તેવી જ દાદાને પ્રાર્થના..


॥ શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ॥

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સ**

**સ્નેહમિલન અને વાર્ષિક સભા**

સર્વે પરજાઉવાસી જ્ઞાતિજનો અને નિયાણીબહેનોને વાર્ષિક સ્નેહમિલન અને સભામાં સહકુટુંબ પધારવા હાર્દિક આમંત્રણ છે.

**રવિવાર તા. ૨૭.૧.૧૩ સવારે ૮.૦૦થી**

**સ્થળ : શિશુકુંજ હોલ, લાલવાણી રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.**

**કાર્યક્રમ :** નવકારશી, રજીસ્ટ્રેશન, ભક્તિભાવના, સાંસ્કૃતિક કાર્યક્રમ, ધાર્મિક-શૈક્ષણિક સન્માન-બહુમાન, સ્વામીવાત્સલ્ય અને બપોરે ૧-૩૦ વાગે વાર્ષિક સભા જેમાં હિસાબોની રજુઆત અને નૂતન ઉપાશ્રય બાબત વિચારણાં થશે. આપના સુચન આવકાર્ય.

**શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-પરજાઉ**
**શ્રી ગુલાબ ધનજી દંડ** (પ્રમુખ)

॥ શ્રી આદીનાથાય નમઃ ॥  **અનુમોદના....**  ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

જિનશાસનના અજોડ ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે નોંધ લેવા જેવા અપ્રતિમ અભૂતપૂર્વ આધ્યાત્મિક પ્રસંગોના ગૌરવ સમાન જીવનને ધન્ય બનાવનાર જિનશાસન ધર્માનુરાગી કચ્છ (રાપરગઢવાળી) હાલ વાલકેશ્વર નિવાસી **શ્રી હિતેશભાઈ માણેકજી મોતા** પરિવારના **અ.સૌ. નિશાબેન** તથા બન્ને સુપુત્રો **જય** અને **અજય**ને એક-એક સુકૃતોની અંતઃકરણપૂર્વક અનુમોદના...

સુરિગુણ જન્મ શતાબ્દિ વર્ષે દેવગુરુની અસીમ કૃપાએ શાશ્વત તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજમાં ૧૨૦૦-૧૨૦૦ આરાધકોને ભવ્ય ચાતુર્માસ કરાવી અને પોતે સહપરિવાર પાંચ-પાંચ મહિના રહી ઉત્કૃષ્ટ તપ-જપ આરાધના તથા પુર્ણાહુતિએ શ્રાવક-શ્રાવિકા જીવનને દિપાવતા ૪૭-૪૭ દિવસ સુધીના ઉપધાન તપ અનુમોદનીય પુરુષાર્થે દેવગુરુની કૃપા થકી નિર્વિઘ્ન પરિપૂર્ણ થયો. સાધનાના શિખર સમી મોક્ષમાળા પૂ.આ. શ્રી યોગતિલકસુરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યે **શ્રી હિતેશભાઈ, સૌ. નિશાબેન, ચિ. જય, ચિ. અજય**ના કંઠે આરોપણ કરાઈ.

**'તપ-જપ સેવી'** પ્રતિક્રમણ પરિલેહણના પુષ્પોના પરમાટ સાથે દેવવંદન, ગુરુવંદનમાં વિનયભક્તિની લહેજતે સૂત્રોની સાધના અને અર્થની આરાધનાના માધ્યમે સ્વાધ્યાયની સુવાસે, સ્તુતિ સ્તવનરૂપ ભ્રમરનાં ગુંજનોનું રસપાન કરાવતું શંત્રુજય ગિરિરાજની છત્રછાયાવાળું ચાતુર્માસ, ઉપધાન-તપ આત્મ આરોગ્યની પુષ્ટિ કરતા અનેક સુકૃતો કરતા અને અનેકને ધર્મમાં જોડતા રહે સાથે સ્વ-પરનું આત્મહિત સાધે એજ શુભેચ્છા સહપરિવારને ભુરી-ભુરી અનુમોદના. શ્રી હિતેશભાઈને જન્મ આપનારી રત્નકુક્ષી પુણ્યશ્લોકી અમારા **માતુશ્રી તારાબેન માણેકજી મોતાને** નતમસ્તકે વંદન...

-ઃ શુભેચ્છા સહ આશિષવર્ષા ઃ-

**સૌ. કલ્પનાબેન તરુણ ધરમશી, સૌ. સ્નેહલ જતીન ધરમશી તથા મોક્ષ**
**સૌ. રચના ભાવિન સોની તથા દક્ષ, લક્ષ**

---

॥ શ્રી અજિત-શાંતિ-ચંદ્રપ્રભ જિનેશ્વરેભ્યો નમઃ ॥ ॥ શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસુરિભ્યો નમઃ ॥

## આમંત્રણમ્... આમંત્રણમ્... આમંત્રણમ્...

શ્રી કચ્છ **સુજાપર**ના આંગણે છઠ્ઠી સાલગિરિએ મહામંગલકારી ધ્વજારોહણનું આયોજન ધુમધામથી ગોઠવાયેલ છે.

**૧૩૦ વર્ષ પ્રાચીન તીર્થ**

દેવાધિદેવ શ્રી અજિતનાથ જિનપ્રસાદે પુનઃ પ્રતિષ્ઠા બાદ છઠ્ઠી ધ્વજારોહણ સાલગિરી પ્રસંગે સકલ શ્રી સંઘને

**ભાવભર્યું આમંત્રણમ્**

દિવ્ય કૃપા : **શાસન સમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**
શુભાશીર્વાદ : **તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
**સાહિત્ય દિવાકર સૌમ્ય-સરળમૂર્તિ પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
વિધિકાર : **જ્યોતિર્વિદ શ્રી કેવલભાઈ સાવલા અને સંગીત મંડળી**

### ધ્વજારોહણ મહોત્સવની ઝલક

મહા સુદ-૫ વાર શુક્રવાર તા. **૧૫.૨.૧૩**ના બપોરે ૨ કલાકે શ્રી અઢાર અભિષેક, રાત્રે શ્રી કુમારપાળ રાજાની ૧૦૮ દિવાની આરતી તથા સ્થાનિક શાળાના બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ.

મહા સુદ ૬ વાર શિનવાર તા. **૧૬.૨.૧૩** સવારે ૮.૩૦ કલાકે શ્રી સત્તરભેદી પૂજા અને સવારના ૧૦.૦૦ કલાકે ધ્વજારોહણ

**તા. ૧૫.૨.૧૩ના આખો દિવસ સાધર્મિક ભક્તિ રહેશે. ● તા. ૧૬.૨.૧૩ના સવારે નવકારશી તથા ધુવાબંધ ગામજમણ રહેશે.**

સાધર્મિક ભક્તિના દાતાઓ આવકાર્ય છે. અઢાર અભિષેક માટે લાભાર્થી આવકાર્ય છે.

ધ્વજારોહણ તથા શ્રી કુમારપાળ રાજાની મહાઆરતીનો આદેશ સ્થાનિકે અપાશે. લાભ લેવા વિનંતી.

સર્વ સુજાપુરવાસીઓને સાધારણખાતામાં લાભ લેવા વિનંતી. આ મહામંગલકારી પ્રસંગે આજુબાજુના ગામવાસી સંઘોને, ગામાઈ ભાઈ-બહેનો તથા ગામની નિયાણીઓને આગોતરી આમંત્રણ આપતા હર્ષ અનુભવીએ છીએ.

**: નિમંત્રક :**

**શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ વતી**

**શ્રી લેરીન વી. ખોના-09820193339** **શ્રી હીરાચંદ વ. શાહ-09820051914**
**શ્રી કાંતિલાલ શા. ખોના - 022-24022239** **શ્રી હંસકુમાર લ. છેડા-09821165901**
**શ્રી જીતેન્દ્ર સો. છેડા-09820843331**

## આરોગ્ય-પ્રકાશ : આરોગ્ય અંગેની ઉપયોગી ટીપ્સ - ડૉ. વીરચંદ લખમશી નાગડા

૧. રાતના મોડેથી જમવાથી વજન અને ચરબી વધે છે. જૈન ધર્મ **ચોવિચાર** કરવાનું કહે છે. હવે વિજ્ઞાન પણ માનવા લાગ્યુ છે કે ફક્ત ઘીવાળા, તળેલા પદાર્થોથી જ વજન વધે એવું નથી, પણ રાતના મોડેથી જમવાથી પણ વજન, ચરબી વધે છે. એક તો રાતે ઘરે નિરાંતે ટી.વી. જોતાં, વાતો કરતાં પેટભરીને ખવાઈ જવાય છે અને પછી મોટાભાગના વધુ હાલચાલ ન કરતાં થોડીવારમાં સુઈ જાય છે તેથી પાચન બરાબર થતું નથી. સાંજે ચોવિહાર કરો અને તે શક્ય ન હોય તો જેટલા બને એટલા વહેલા જમો, મોડેથી જમો ત્યારે પેટ ભરીને ન ખાતાં, થોડું ઓછું ખાવ, પચવામાં હલકું હોય એવું ખાવ, બની શકે તો ફળ, ફળોના રસ, સુપ, ડ્રાયફ્રુટ લ્યો.

૨. આજકાલ ચાઈનીઝ અને ઈટાલિયન આઈટમ (જંકફુડ) ખાવાનો ક્રેઝ વધ્યો છે, ખાસ કરીને જુવાનોમાં. આ આઈટમોમાં બેકિંગ સોડા ભરપૂર વાપરવામાં આવે છે. ચાઈનીઝ પદાર્થો ઉકાળી, સુકવી પછી પકાવવામાં આવે છે. મોટા ભાગના પદાર્થો ખૂબ અગ્નિની જ્વાળા પર, પકાવવામાં આવે છે. આ પ્રક્રિયાને લીધે તેમાનાં પૌષ્ટિક તત્ત્વો ખલાસ થાય છે. અન્નના પાંચેય જરૂરી ઘટકો ભારતીય ભોજનમાં મળી આવે છે. પકાવવાની વિધીમાં એનો બહુ નાશ થતો નથી. તેથી ચાયનીઝ, ઈટાલિયન અન્ન છોડો અને ભારતીય અન્ન અપનાવો. હા, એટલું ધ્યાન રહે તળેલા, ચરબીવાળા, અતિ સાકર કે મીઠાવાળા પદાર્થો, અથાણાં ત્યજો. (અથાણાંમાં મીઠું અને તેલ પુષ્કળ હોય છે).

૩. ટીનના પેક ડબ્બાના પદાર્થો-ફળો, ફળોના રસ, જામ, જેલી, અથાણાંમાં કુદરતી ફળોના તત્ત્વો કરતાં ઓછા તત્ત્વો હોય છે. તેમાં કૃત્રિમ વિટામિન્સ નખાયા હોય છે જે કુદરતી વિટામિન્સ કરતાં ઉતરતા હોય છે. ટીનના પેક ડબ્બામાં ચીજો લાંબો વખત ખરાબ ન થાય એ માટે એમાં બેન્ઝાઈન એસીડ, કૃત્રિમ રંગો વગેરે નાખવામાં આવે છે. આ એસિડવાળા પદાર્થો લાંબો વખત લઈએ તો શરીરને નુકશાન થાય, પાચનતંત્ર બગડે તેથી શાકભાજી, ફળો વગેરે તાજા જ ઉપોયગમાં લ્યો, ટીન પેક ડબ્બાના પદાર્થો ટાળો.

૪. નાના બાળકોને દમનો ધોખો વધુ હોય છે કારણ કે એમના ફેફસાં વધવાની ક્રિયા ચાલુ હોય છે, વળી તેઓ ધૂળવાળા મેદાનોમાં, ગાર્ડનમાં વધુ વખત રમતા હોય છે. ધૂમાડા, અગરબત્તીની સુગંધ, ફુલોના પરાગરજ, ધૂળના કણો વગેરેને કારણે દમ થાય. શહેરની ગીચતા, કારખાનાઓ અને વાહનોના પ્રદષણના કારણે પણ બાળકોને અને મોટાઓને દમ થાય. નારિયેળનું ઝાડ ઘરની નજીક હોય કે કુંડામાંનો લાલ હીબીસકસ છોડ પણ ઘરની અંદર હોય તો દમને માટે કારણભુત હોઈ શકે. અમુક કેસમાં ઘરની અંદર 'ડસ્ટ માઈટ્સ' (ધૂળની અંદરના જીવાણું) કારણભુત હોય છે. ઘરને સ્વચ્છ રાખો, ધુળ ન હોય એનું ધ્યાન રાખો. જંતુઓના શરીરના અવયવો, ફુલની પરાગરજ, 'ડસ્ટ માઈટ' દૂર કરવા જોઈએ. શરદી, ઉધરસ થાય તો તરત જ ઈલાજ કરવો જોઈએ. ફળો, શાકભાજી, ડ્રાયફ્રુટ, પૌષ્ટિક ખોરાક વડે અને ચાલવાનું, કસરત કરીને શરીરની પ્રતિકાર શક્તિ વધારવી જોઈએ.

૫. ડૉ. કેનેથ કુપર કહે છેકે, આપણે કલાકના ૪-૫ માઈલની ઝડપે ચાલીએ તો કલાકમાં ૪૦૦ કૅલેરી બળી જાય. ઝડપથી રોજ ૧ કલાક ચાલવાથી (બ્રિસ્કવૉક) ડાયાબિટીઝ નાબુદ થઈ જાય. સ્વીડનના ડૉ. હાન્સ વોરનબર્ગ કહે છે કે, પુરૂષ ઝડપથી ચાલીને અડધો કલાકના વ્યાયામથી તેના સાથળ અને કુલા પાતળા કરી શકે. સ્ત્રીઓએ સાથળ-કુલાની ચરબી ઓછી કરવા આટલો વ્યાયામ પૂરતો નથી, વધુ વ્યાયામ કરવો જોઈએ. ઉપરાંત ડાયાબીટીઝના દર્દી કે પાતળા થવાની ઈચ્છાવાળાએ ઓછી કેલેરીવાળો, ચરબી વગરનો ખોરાક લેવો.

૬. આપણે ત્યાં પ્રાચીનકાળથી ગાયના દુધનું મહત્ત્વ છે. હવે સેંટ મિશેલ્ય હોસ્પિટલના ડૉ. જોનશન મૅગ્યુરીએ ૨ થી ૫ વર્ષની વયના ૧૩૦૦ બાળકો પર સંશોધન કરી નક્કી કર્યું કે જીવનસત્વ (વિટામીન) 'ડી' અને લોહતત્ત્વ માટે બાળકોને રોજના બે કપ ગાયનું દુધ આપવું જોઈએ. અનેક પાલકોને પ્રશ્ન થાય કે બાળકને કેટલું, રોજનું દુધ આપવું? રોજનું ૨ કપ દુધ બાળકને પુરતું છે માટે વધુ દુધ માટે બાળકો પર જબરદસ્તી કરવી નહીં.

૭. પ્રખ્યાત ડેનીશ મેડીકલ જનરલમાં ડૉ. એલેક્ઝાન્ડર ઑન્ડેવ અને એરીક વૉગલમેને સંશોધન કરી રીપોર્ટ આપ્યો છે કે બે કપ જેટલા ચાના પાણીમાં બે ચમચી મધ અને ૩ ચમચી તજનો પાવડર મેળવી દિવસમાં ૩ વખત પીવાથી ગમે તેવું કૉલેસ્ટ્રોલ અને ચરબીનું પ્રમાણ અંકુશમાં આવે છે. (તજ ગરમ ચીજ છે માટે માફક આવે, પોતાની પ્રકૃતિ પ્રમાણે ૧ થી ૩ ચમચી લેવું. ડાયાબીટીઝના દર્દીએ આ પ્રયોગ ન કરવો). દરરોજ ચોખ્ખું મધ ખોરાકમાં લેવાથી કોલેસ્ટ્રોલ નોર્મલ રેન્જમાં રહે છે.

૮. આપણે શરીર પર કોઈપણ ક્રીમ લગાડીએ

ત્યારે ક્રીમથી ચામડીના છિદ્રો બંધ થઈ જાય છે તેથી બાળક પર તે વાપરતા પહેલાં વિચાર કરવો જોઈએ. બને ત્યાં સુધી દુધ અને ચણાના લોટથી પેસ્ટ બનાવી બાળકના આખા શરીરે લગાડી નવડાવો. ચહેરા પર તૈલિયાપણું હોય તો ગુલાબજળની મદદથી ચહેરો ઘસીને લુછવો જોઈએ. ચહેરા પર દહીં લગાડી ૧૫-૨૦ મિનિટ પછી ધોઈ નાખો, ચહેરા પર ચમક આવી જશે.

૯. લીંબુ, મરચા અને કોલસાને આધુનિક યુગમાં પણ ઘણા લોકો ઘરના કે દુકાનના દરવાજે કે ગાડીના બમ્પર પર લગાડી અંધશ્રધ્ધામાં નર્યો બગાડ કરે છે એને બદલે લીંબુનો ખાવામાં ઉપયોગ કરવો જોઈએ. એમાં રહેલા વિટામીન 'સી' પાચનની ઘણી તકલીફોમાં ફાયદો કરે છે, પ્રતિકાર શક્તિ વધારે છે. આયર્નને આંતરડાંમાંથી શરીરમાં શોષાવામાં મદદ કરે છે. કોષો (ટીસ્યુ)ની રચના કરવામાં મદદ કરે છે. બાળકોને લીંબુમાં રહેલ વિટામીન 'સી' શ્વસનતંત્રના ચેપથી બચાવે છે. પેઢામાં સોજો અને પેઢામાંથી લોહી વહેવાનું ઓછું કરે છે. શરીરમાં વિટામીન 'સી' યોગ્ય પ્રમાણમાં હોય તો હાડકા જલ્દી ભાંગી ન પડે માટે લીંબુનો અંધશ્રધ્ધામાં બગાડ ન કરતા એનો આહારમાં ઉપયોગ કરીએ, અને બાળકોને પણ આહારમાં આપીએ.

૧૦. મોટાભાગના આધુનિક મા-બાપો પોતાના બાળકોને ઓછી કેલેરી, ઓછા વિટામીન્સ, મિનરલ્સ 'ખરાબ' ચરબી (કૉલેસ્ટ્રોલ) ધરાવતા અને સાકરવાળા ખાદ્યપદાર્થો આપીને તેમના આરોગ્યના 'રીસ્ક ફેક્ટર' વધારી રહ્યા છે. કૉમ્પ્યુટર કે મોબાઈલ ગેઈમ્સ આપીને એમને બેઠાડુ બનાવે છે. તેથી જાડાપણું આવે અને એ રીતે બિમારીઓ તરફ ધકેલે છે. નાનપણની આ ખાવાની અને બેઠાડુ જીવનની આદતો જુવાનીમાં પણ ચાલુ રહે છે જે છેવટે કાર્ડીયોવાસ્ક્યુલર બિમારીઓ (હાઈ બી.પી., હાર્ટ એટેક વગેરે), સ્ટ્રોક, ડાયાબિટીઝ તરફ દોરી જાય છે. આપણે આપણા બાળકોને વિટામિન્સ, મિનરલ્સ, ફાયબર્સવાળા, ઘરના યોગ્ય અને પૌષ્ટિક આહાર લેવાની અને બહારની રમતો, એક્ટીવીટીની ટેવ પાડીએ જેથી તેઓ નિરોગી રહી શકે.

૧૧. અવારનવાર ૨૫૦ મી.લી. કે તેથી વધુ સોફ્ટ ડ્રીન્ક્સ (ઠંડા પીણાં) પિનાર વ્યક્તિમાં કેન્સર થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. છેલ્લા ૨૫ વર્ષમાં કરવામાં આવેલ સંશોધનમાં જણાયું છે કે સોફ્ટ ડ્રીન્ક્સને લીધે અન્નનળીના અંદરના સ્તરમાં કેન્સર થાય છે. સોફ્ટડ્રીન્ક્સ પીવાથી જઠર અપેક્ષા કરતાં વધુ પહોળું થાય છે, ઈરીટેટ થાય છે. જઠરની અંદર ઝરતા એસીડ ઉલ્ટી દિશામાં એટલે કે અન્નનળીમાં જાય છે અને ત્યાં બળતરા ઈરીટેશન કરી કેન્સર નિર્માણ કરે છે. સોફ્ટ ડ્રીન્ક્સ પીવાને લીધે કેન્સર ઉપરાંત જાડાપણું નફામાં મળે છે, માટે સોફ્ટ ડ્રીન્ક્સને બદલે છાશ, લીંબુ શરબત, કેરીનો પન્નો, ફળોના રસ કે નારિયેળ પાણી પીઓ. નારિયેળ પાણી મીઠું, ઉત્કૃષ્ટ પેય છે, એમાં વિશિષ્ટ પેપ્ટાઈડ્સ હોવાથી તે રોગકારક જીવાણુંઓને ખલાસ કરે છે અને આરોગ્ય બક્ષે છે. છાશ આંતરડાનું ટોનિક છે. કેરી, લીંબુ અને બીજા ફળો વિટામીન્સથી ભરપૂર હોય છે. આ ખાદ્યોમાંથી ઘરે બનાવેલ પીણાઓમાં કેમીકલ્સ, પ્રીઝરવેટીવ બિલ્કુલ હોતા નથી.

૧૨. જો તમે નિરાશા-ડીપ્રેશનથી પીડાતા હોય તો મનની આ સ્થિતિને દૂર કરવા અઠવાડિયે ઓછામાં ઓછું ૨-૩ વાર ટમેટા ખાવ. વૈજ્ઞાનિકોને ૭૦ વર્ષ અને તેથી ઉપરની ઉંમરના ૧૦૦૦ લોકોના આરોગ્ય અને ખાવાની ટેવોના અભ્યાસમાં જણાવ્યું કે જેઓ અઠવાડિયામાં ૨ થી ૬ વાર ટમેટા ખાતા હતા. એમને નિરાશાની તકલીફ ૪૬% ઓછી હતી. ટિઆનજીન મેડીકલ યુનિવર્સિટીના વેજ્ઞાનિકોએ ટમેટામાં રહેલા 'લાયકોપીન' ઘટક ઓક્સિડેટીવ સ્ટ્રેસ ઓછી કરી, મગજના સેલ્સને નુકશાન થતું અટકાવી માનવીની માનસિક અને શારીરિક હેલ્થ જાળવે છે. 'લાયકોપીન ઘટક ફ્રી રેડિકલ્સ જે શરીરના સેલ્સ, જીન્સને હાની પહોંચાડવા નથી દેતા અને એ રીતે હાર્ટએટેકનો ખતરો ઓછો કરે છે.


**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ,**
**શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા**
**અને જી.વિ.સી. સંઘના સથવારે**

**મેડીકલ કેમ્પ**

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

**હાડકાના દર્દીઓ માટે**

ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર,
ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.
શુક્રવાર, તા. ૦૧/૦૨/૨૦૧૩
સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ક.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : અજય શાહ - ૯૮૯૨૩૭૨૭૭૭
સ્થળ : અનંતછાયા જૈન ઉપાશ્રય, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ).

ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે.
કેમ્પમાં પહોંચ્યા પછી રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ભરવાના રહેશે.

કિડની ડાયાલીસીસના દર્દીઓ માટે તા. ૨ અને ૩ ફેબ્રુઆરી ના રોજ
શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર ખાતે રાબેતા મુજબ રહેશે.

**સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.**



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૧૯)

**- સોમ ધરમશી** (કચ્છી)

**નિકરેજી કરિયું તીં ફસોં, આય કીલ જેડો કસાય,**
**ફાંફા મારે કીં ન વરે, મૂર મન કે સમજાય.**

**શબ્દાર્થ :** કીલ=કીચડ, કસાય=પાપો- જૈન ધર્મ પ્રમાણે ક્રોધ, માન, માયા અને લોભ એ ચારમાંનું કોઈ પણ. મૂર = મૂળ,

સંત સાધુઓ પોતાના પ્રવચનમાં, વ્યાખ્યાનમાં ચાર કષાયો એટલે કે **ક્રોધ, માન, માયા, લોભ**થી દુર રહેવા ચેતવણી આપે છે. કવિશ્રી આ શાશ્વત, વાતને અનોખી રીતે પોતાના 'મરમના મોતી' દ્વારા પ્રસ્તુત કરે છે. કવિશ્રી પક્ષીઓની બાતમી મેળવવા કચ્છનાં સીમાડે-સીમાડે, બન્નીનાં મેદાનમાં, વિશાળ દરિયા કિનારે અને નાના મોટા રણનાં દલદલમાં (કીચડમાં) ગોઠણભેર પાણીમાં રખડ્યા છે, ફર્યા છે. ત્યારે જ આપણને કચ્છના મહેમાન બનીને આવતા તેમજ કચ્છમાં જ વસવાટ કરતા ૩૦૦થી પણ વધુ પક્ષીઓની ઓળખાણ તેમની લાક્ષણિક શૈલીમાં "પંખિયન જીં પીરોલીયું" માં મળે છે.

રણનાં કીચડમાં તમે એકવાર ફસાયા કે બહાર નીકળવું ભલભલા માટે મુશ્કેલ બને છે. આ પરિસ્થિતિની ઉપમા આપી કવિશ્રી ગહન સંદેશો આપે છે ને જિંદગી સાથે સરખાવતાં કહે છે કે કષાયરૂપી કીચડમાં ફસાઈ જાવ એટલે તેમાંથી બહાર નીકળવા જેટલા ફાંફાં મારો તેટલા તેમાં ઉંડા ગરકાવ થઈ જવાય છે અને એ ફાંફા વ્યર્થ છે.

આ કષાયોથી મુક્ત થવાનો એક જ અણમોલ. અનોખો ઉપાય છે અને તે મન ઉપર લગામ મૂકી દેવાનો. મન ઉપર કાબુ મેળવવાથી જ કષાયમુક્તિ પ્રાપ્ત થાય. "મૂર મન કે સમજાય" પંક્તિ દ્વારા સમજાવે છે. પણ મોહ માયામાં લપેટાયેલું આ મન ક્યાં માને છે? આપણાં સાહિત્યમાં કોઈક ઉક્તિ દ્વારા પણ કહેવાયું છે કે "મન ચંગા તો કથરોટમેં ગંગા"

સંતશ્રી સુરદાસજીની અમર પંક્તિઓ પણ કીચડમાં ફસાયેલ આપણને મનન કરી બહાર કાઢી શકે છે.

***કામ ક્રોધ કો પહિરિ ચોલના, કંઠ વિષય કી માલ***
***માયા કી કટિ ફૈંટા બાંધ્યો, લોભ તિલક દે ભાલ***
***અબ મૈં નાચ્યો બહુત ગોપાલ***

## કાવ્ય-પ્રકાશ : જીવનચક્ર

વારા પછી વારો છે. તારા પછી મારો છે ભાઈ
તારા પછી મારો છે કે મારા પછી તારો ભાઈ
આ તો જીવનચક્ર છે. ફરતું જ રહેશે
પણ ન જાણીયું તમે કે અમે, કાલે શું થવાનું છે?
આ સંસારમાં આવ્યા છો તો સંસાર સાગરમાં
ડૂબકીઓ તો મારવી પડે, મારવી જ પડશે
પછી ભલે તમને હીરા મોતી કે માણેક મળે
કે મળે પથ્થર, કંકર કે માટી
જો તમે હો સાચા વિરલા અને મળે તમને સાથ
પ્રારબ્ધ અને પુરૂષાર્થનો તો તમે આ પથ્થર, કંકરને
માટીને પણ હીરા મોતી માણેકમાં ફેરવી શકો!
આ સંસાર સાગરમાં આવ્યા જ છો તો તમને
ફેરા તો ફરવા જ પડે. પછી ભલે હોય
ચાર ફેરા કે સાત ફેરા કે હોય ફેરા લખ ચોરાસીનાં,
આ ચાર ફેરા ફરીને કે સાત ફેરા ફરીને
સાથ નિભાવતા નિભાવતા ક્યારેક તમે
આગળ નિકળી જાઓ છો તે પછી
તમારો સાથ છોડીને જીવનસાથી
આગળ નિકળી જાય છે. એ જે હોય તે,
પણ તમારા કે એના જીવનમાં એકલતા
અને શૂન્યવકાશ આવી જાય છે.
એ ચાર ફેરા કે સાત ફેરા પછી તમારો
સાથ નિભાવે છે પણ લખ ચોરાસીના
ફેરામાં કોઈ કોઈને સાથ આપતું નથી !
એ લખ ચોરાસીનાં ફેરા તો તમારે એકબીજા
ફરવા પડે પછી ભલે અવતાર મળે સિંહનો
કે શીયાળનો અને મળે બંગલા કે ઝુંપડી
એ લખ ચોરાસીનાં ફેરા એકલા એકલા
જ ફરવા પડે. અને એ ફરતા જ રહે
ફરતા જ રહે. આ જ જીવનચક્ર છે.
તમો સંસાર સાગરમાં આવ્યા જ છો
તો સમુદ્રનાં ખારા પાણી પણ પીવા જ પડે
પીવા જ પડશે જીવનનાં ઝેર પણ જીરવવા પડશે...
એવા વીરલા કોકજ, જે જીવનનાં ઝેરને
પણ પચાવી તેને અમૃત બનાવે
જો તમે જીવનનાં ઝેરને અમૃતમાં ફેરવી શકો
તો તમારી કીર્તિનાં કિલ્લાને કુદરતનો કોપ
કે ઘણનાં ઘા પણ તમારા કીર્તિનાં કિલાનો
એક પથ્થર પણ નહી તોડી શકે અને
તમારી કીર્તિ વરસોનાં વરસ અમર રહેશે.
વારા પછી વારો ભલે હોય પણ
મેં જીવન તો મન ભરીને જીવી લીધું છે.
હવે તો 'માણક' મારે મરણને પણ
માણવું છે. મરણને પણ જાણવું છે.

**-માણેકજી કુંવરજી દંડ** (સાંતાક્રુઝ)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૯

તા. ૧૮.૧.૨૦૧૩

### સામાન્ય સભા

જય જય શ્રી અનંતનાથ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક સામાન્ય સભા સંવત ૨૦૬૯ના પોષ વદ ૪ ના **બુધવાર** તા. **૩૦.૧.૨૦૧૩**ના સાંજના **૬.૩૦** કલાકે શ્રી અનંતનાથજી ૨૪ જિનાલયના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર ઘટતું કરવા એકત્ર થશે.

### કાર્યસૂચી

૧. ગત તા. ૨૯.૩.૨૦૧૧ની સભાની કાર્યવાહીનું વાચન અને બહાલી આપવા

૨. વિલીનીકરણ સમયે શ્રી ક.દ.ઓ. નાની ન્યાત દ્વારા મહાજનશ્રીએ સુપરત કરવામાં આવેલ ઐરોલી પ્લોટ ઉપર વિવિધલક્ષી સંકુલ (વાડી)ના બાંધકામના ખર્ચ માટે મંજૂરી આપવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા.

૩. શ્રી ક.દ.ઓ. (નાની ન્યાત) સાથે આપણા વિલીનીકરણના અનુસંધાનમાં ગોરજી સમાજને આપણી જ્ઞાતિમાં સમાવેશ કરવા માટે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા.

૪. પ્રમુખશ્રીની મંજૂરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજૂઆત થાય તે.

એજ લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈવતી**

**ચેતન મેઘજી મોતા રાજુલ ભદ્રેશ પટેલ**

(માનદ્‌મંત્રીઓ)

**નોંધ :**

૧. સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.

૨. મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## NURSING THE K.D.O. BUDS - પ્રવિણચંદ્ર એસ. ધરમશી (સુરત)

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સમસ્ત મહાજનના ઉપક્રમે 'જ્ઞાન સંસ્કરણ શિબિર' વિશે વાંચ્યું.

અંગ્રેજીમાં કહેવત છે `NIP THE BUD' મતલબ કે ફુલ બને તે પહેલાં જ કળીને મસળી નાખો. ગુજરાતીમાં કહેવત છે કે 'રોગ અને શત્રુને ઉગતા જ ડામવા' મતલબ કે રોગ કે શત્રુ વધારે વિક્સે તે પહેલાં જ જો યોગ્ય પગલાં લેવામાં આવે તો સારૂં. આ બન્ને કહેવતો નકારાત્મક છે. કારણ કે રોગ કે શત્રુ એ આવકાર્ય નથી. પણ જો કોઈ સારી વાત હોય. સારા સંસ્કારની વાત હોય તો આજ વસ્તુને સકારાત્મક રીતે લેવી પડે અને `NIP THE BUD' ની જગ્યાએ `NURSE THE BUD' અને જ્યારે વાત આપણી જ્ઞાતિની હોય ત્યારે `NURSING THE K.D.O. BUDS' જેવો વિચાર આપણાં વડોદરામાં રહેતા યુવાન શ્રી નિશિથભાઈ દંડને આવ્યો. તેમણે આ વિચારબીજને જ્ઞાતિના અન્ય હિતેચ્છુઓ સાથે ચર્ચી અને તેમના સલાહ સૂચનો લીધા. સૌને લાગ્યું કે આ એક સુંદર અને ઉમદા વિચાર છે અને કહેવાય છે ને કે Charity begins at home એ અનુસાર વડોદરામાં જ વાપીથી અમદાવાદ સુધીના વિસ્તારનાં આપણી જ્ઞાતિના ૮ થી ૧૫ વર્ષનાં બાળકો જેને Impressionable Age Group કહેવાય તેમને જો આપણી જ્ઞાતિ પરંપરા, ધામિક પરંપરાઓ કે સામાજીક એટલે કે મહાજન પરંપરા વિશે અત્યારથી જ પ્રાથમિક જ્ઞાન આપીએ તો ભવિષ્યમાં આજની આ ઉગતી પેઢી કે જેના ખભા પર જ આપણી સંસ્કૃતિ, કે જ્ઞાતિ એકતાનો ભાર આવવાનો છે તેમને માટે જેને 'નર્સરી' કહી શકાય તેવી એક દિવસીય શિબિરનું આયોજન કેમ ન કરીએ? અને આ રીતે એક પ્રથમ સોપાન જેવું આ પ્રયાસ છે જે ખુબ પ્રશંસાપાત્ર છે. આ શિબિરમાં વિવિધ વિષયોને લગતા નિષ્ણાંત પોતાના જ્ઞાનનો લાભ શિબિરાર્થીઓને આપશે. આ રીતે આવતી પેઢી, હાલની પેઢી અને ભૂતકાળની કેટલીક હસ્તીઓના ત્રિવેણી સંગમ જેવી આ એક દિવસીય શિબિર બનશે.

આ એક સુંદર વિચાર અને પ્રયોગ છે. જો સફળ થાય તો આની અસર આજે નહીં તો ભવિષ્યમાં જરૂર થશે. આ શિબિરની સફળતા માટે આયોજકોએ તો પૂરતા પ્રયાસો કર્યા છે પણ તેમાં ભાગ લેવા માટે યુવામિત્રો અને તેમના વાલીઓનો સાથ સહકાર જરૂરી છે. તદ્દન નિઃશુલ્ક આ શિબિર છે જેથી લાભાર્થીઓને માત્ર આવવા-જવા સિવાય કોઈ ખર્ચ નથી. જ્ઞાતિસ્તરે કદાચ આ પ્રથમ પ્રયાસ છે જેમાં બાળકો અને 'ટીન એજર્સ' ને જ્ઞાતિ, મહાજન, સંસ્કૃતિ અને ધર્મ એવા મહત્ત્વના વિષયોનું જ્ઞાન તે પણ રસિકપણે ગમ્મત સાથે આપવાનો પ્રયાસ છે.

શુભ વિચાર, શુભ સંકલ્પ અને શુભાશય સાથે આવી શિબિરનું આયોજન અને તે પણ કોઈ પણ જાતના ફંડ ફાળા કે લાભાર્થીને ખર્ચા વગર આપવા માટે શ્રી ક.દ.ઓ. જૈન સમાજ (વડોદરા) પણ પાત્ર છે.

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

અનુમોદના
શ્રી અચલગચ્છ સંઘ-આદિપુર દ્વારા અંતરજાળમાં ૫૮ બ્લોકની આવાસ યોજના અને માતુશ્રી બચીબાઈ પદમશી લોડાયા (સાંયરા) હ. જયાબેન શાંતિલાલ પરિવાર દ્વારા સંઘને જિનાલય. અર્પણની ઉદાર સુકૃતની હાર્દિક અનુમોદના...
-"તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# મારા દેશની ધરતી

કમલેશ્વરજીની આત્મકથાનો ત્રીજો ભાગ ‘સળગતી નદી’ હમણાં વાંચ્યો. આમ તો આત્મકથા ફિલ્મી દુનિયા, સાહિત્યિક દુનિયા, સમાન્તર આંદોલન, દલિત સાહિત્ય, વહોરા લોકોનું સુધારાવાદી આંદોલનની સાથે સાથે ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મિલ જેવા ક્રાંતિકારીઓની આસપાસ ગૂંથાયેલી છે. એમાં કેટલાક પ્રસંગો એવા છે જે વાંચીને આપણું માથું નમે. તેમાંથી બે પ્રસંગો અહીં આપ્યા છે.

૧૯૭૧ના બાંગ્લાદેશના યુદ્ધ વખતે પાકિસ્તાની સૈનિકોના અત્યાચારોથી વ્યથિત થઈને કમલેશ્વરજી ત્રણ મહિના માટે બાંગ્લાદેશ ગયા હતા. ત્યાં તેઓ મુક્તિવાહિનીના રેડિયો ઑપરેટર અવલના સહાયક તરીકે મુક્તિસંગ્રામનો એક ઘટક બની ગયા હતા. તે દરમિયાન તેઓ બાંગ્લાદેશના અને પાકિસ્તાનના બુદ્ધિજીવીઓના સંપર્કમાં આવ્યા હતા. તેમાંના એક હતા પ્રો. મહેકરી. અત્યારે કરાંચીમાં છે. તેમણે કમલેશ્વરજીને એક પત્ર લખ્યો હતો. તેમાં લખ્યું હતું :

“શું ધર્મ બદલી નાખવાથી શરીરનું રક્ત અને વંશ પણ બદલાઈ જાય છે? મને ગૌરવ એ વાતનું છે કે મારી નસોમાં જે રક્ત વહી રહ્યું છે **તે પેલા મહાન ઋષિઓનું અને માનુષીઓનું છે, જેમણે જગતને પોતાના જ્ઞાનથી આલોકિત કર્યું હતું !** મને એ વાતનું ગૌરવ પણ શું કામ ન હોય કે પૃત્વીના જે ભૂભાગમાં હું રહું છું તે ભૂભાગ તો મહાન આર્યોની ક્રીડાભૂમિ હતો. જ્યાં તક્ષશિલા જેવાં વિશ્વવિદ્યાલયો હતાં. ચાણક્ય જેવા આચાર્યો હતા. આ એજ ભૂભાગ છે જ્યાં ગુરુ નાનકે એકતાનો રાગ આલાપ્યો હતો. જ્યારે જ્યારે હું આ મનીષીઓ વિશે, મહાપુરુષો વિશે વિચાર કરું છું, જેઓ મારા પૂર્વજો હતા, ત્યારે ત્યારે હું એમના વિચારોના તોફાની પ્રવાહમાં ખોવાઈ જાઉં છું. મને ગૌરવ એ વાતનું છે કે આપણને ભગવાન શ્રીકૃષ્ણનો તર્ક અને મહાત્મા ગૌતમ બુદ્ધનો પ્રેમ તથા ત્યાગ વારસામાં મળ્યાં છે. આપણને જેટલું ગૌરવ એ વાતનું છે કે અમે મુસલમાનો છીએ એટલું જ ગૌરવ આ વાતનું પણ છે કે અમે આર્યો છીએ, અમે મહાન ઋષિઓનાં સંતાનો છીએ...!”

કાયદે આઝમ મહમદઅલી ઝીણાસાહેબ સાંભળો છો કે ?

**૨**

ઉત્તરપ્રદેશમાં આગ્રા પાસે એક કસબો છે, મૈનપુરી. અંગ્રેજોની ગુલામીના દિવસોમાં આ મૈનપુરી ક્રાંતિકારીઓની કર્મભૂમિ હતી. ગઢ હતો. ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મિલ જેવા નામી ક્રાંતિકારીઓ અહીં આવીને સાવિત્રી ધર્મશાળામાં ઊતરતા હતા. એક દિવસે આ ધર્મશાળા દેશ માટે કુરબાની આપનાર બહાદુરોની કર્મભૂમિ હતી. અહીંના અનેક લોકો દેશની આઝાદીની લડત સાથે જોડાયેલા હતા. એટલે આ વાત બને ત્યાં સુધી લોકોના મનમાં જ રહેતી હતી.

કમલેશ્વરજીનાં મા ક્રાંતિકારીઓનાં સમર્થક હતા. કમલેશ્વરજી આઠમા ધોરણમાં ભણતા હતા ત્યારે ક્રાંતિકારી યોગેશ ચેટરજીએ એમનાં માને આવીને કહ્યું કે આ તમારો દીકરો અમને આપી દો. ત્યારે દીકરા માટે અતિ મમતા હોવા છતાં મા એમને ના ન પાડી શક્યાં. એ રીતે કમલેશ્વરજી અભ્યાસ કરતા હતા ત્યારથી જ ક્રાંતિકારી દળમાં જોડાઈ ગયા. ‘સંવાદિયા’ એટલે સંદેશવાહક તરીકે ક્રાંતિકારીઓના છૂપા સંદેશા લાવવા-લઈ જવાનું કામ કરતા હતા. પકડાઈ ગયા. ૧૯ દિવસ જેલની હવા ખાવી પડી. તે દરમિયાન તેઓ રામપ્રસાદ બિસ્મિલના સંપર્કમાં આવ્યા. તેઓ તો તેમના ગામની નજીકના જ હતા. કોસમાના, પછીથી તેમને ફાંસી આપવામાં આવી હતી. તેઓ શહીદ થઈ ગયા હતા. તેમનાં એક બહેન હતાં શાસ્ત્રીદેવી. તેઓ પોતાના લેંઘામાં હથિયારો છુપાવીને ક્રાંતિકારીઓને પહોંચાડતાં હતાં. ઘણું જોખમ હતું. પકડાઈ જાય તો ફાંસીએ જ લટકાવી દે. પણ શાસ્ત્રીદેવી ફાંસીથી બીએ એવાં ક્યાં હતાં? હિંમતથી એ કામ કરતાં હતાં. કમલેશ્વરજીને એમને માટે ખૂબ જ અહોભાવ. વરસો પછી કમલેશ્વરજી દૂરદર્શનના સ્ક્રિપ્ટ રાઈટર તરીકે જોડાયા. દિલ્હી ગયા. ત્યારે તેમને શાસ્ત્રીદેવી યાદ આવ્યાં. એમને કંઈક મદદ કરવી જોઈએ એમ થયું. મિત્રોને વાત કરી. બધાએ ભેગા થઈને ફાળો કર્યો. તે લઈને તેઓ એમને ગામ આપવા ગયા. જોયું તો શાસ્ત્રીદેવી પથારીવશ. લકવાગ્રસ્ત પાડોશીઓ જમવાનું આપી જાય. દેખરેખ રાખે, કમલેશ્વરજીએ સંકોચાતાં સંકોચાતાં વાત કરી. ત્યારે શાસ્ત્રીદેવીએ કહ્યું – પેલા ગોખલામાં કવર છે તે લઈ આવો. તેમાં બે પહોંચ છે તે કાઢો. તેમને પહેલાં ચૂકવી દો. વાત આમ હતી કે દેશ જ્યારે સ્વતંત્રતાની લડત લડી રહ્યો હતો ત્યારે ક્રાંતિકારીઓને પૈસાની જરૂર પડતી હતી. ત્યારે તેઓ ધાડ પાડતા હતા. પછી બીજે દિવસે જેમને ત્યાં ધાડ પાડી હોય તેમને પહોંચ મોકલતા અને પત્ર લખતા. તમારે ત્યાં ગઈકાલે અમે ધાડ પાડી છે. આટલા રૂપિયા લીધા છે. તેની આ પહોંચ છે. સ્વરાજ્ય આવશે ત્યારે એ પાછા આપીશું. સ્વરાજ્ય આવી ગયું હતું. પણ રૂપિયા અપાયા નહોતા. રામપ્રસાદ બિસ્મિલને તો ફાંસી અપાઈ ગઈ હતી. પણ બહેનને ખબર હતી. આ પૈસા આપવાના બાકી છે. એટલે એમણે કમલેશ્વરને કહ્યું – પહેલાં એમને પહોંચાડો ! પોતે લકવાગ્રસ્ત છે. આવકનું બીજું કોઈ સાધન નથી. છતાં એને વિચાર આવે છે કે દેશની સ્વતંત્રતા માટે અમે જે વચન આપ્યું છે તેનું ઋણ ચૂકવવાનું હજુ બાકી છે ! પહેલાં એ ચૂકવી દો ! મિત્રો, આવો દેશપ્રેમ આજે ક્યાં જોવા મળે ! સમર્પણના, ત્યાગના, કુરબાનીના આવા અનેક પ્રસંગોથી આ અનુભવકથા વધુ રોચક, વધુ આસ્વાદ્ય બની છે.

કમલેશ્વરસાબ ! આદાબ અર્જ ! આવું ધૂળધોયાનું કામ કરી આવા મૂઠી ઊંચેરા માનવીઓ સાથે મેળાપ કરાવ્યો તે બદલ.

*(‘સળગતી નદી’ પુસ્તકની પ્રસ્તાવનામાંથી ટૂંકાવીને)*

## ઈતિહાસ-પ્રકાશ : વીરો અને પાતો એજ વર્ધમાન અને પદ્મસિંહ ? - શ્રી દેવજી દામજી ખોના

૧૯૯૧ના એપ્રિલના અંકમાં ઉપરોક્ત શીર્ષક મુજબ શ્રી કિશોરભાઈ સાંયાએ પ્રશ્ન ઊભો કર્યો છે જે સંદર્ભ નિમ્નલિખિત મારૂ મંતવ્ય રજુ કરૂં છું.

કચ્છ આરીખાણાના વતની શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના લાલન ગોત્રીય શ્રી વર્ધમાન શાહ તથા પદ્મસિંહ શાહના વંશમાં ઉત્પન્ન થયેલા દાનવીર શ્રી જગડુશાહે જીર્ણોદ્ધાર કરાવેલ અતિ પ્રાચીન અને રમણીય શ્રી ભદ્રેસરજી (વસઈ) મહાતીર્થ.

અચલગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની હાલ સુથરી સ્થિત બા.બ્ર.પ.પૂ. સાધ્વી શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના વિદુષી શિષ્યા પૂ. સાધ્વી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સાહેબે ૩૧ વર્ષો પૂર્વે વી.સ. ૨૪૮૬, વિ.સં. ૧૯માં પ્રાચીન અર્વાચીન સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ આદિ અનેક ઉપયોગી માહિતીઓનું સંકલન કરી ૫૮૫ પાનાનું દળદાર પુસ્તક પ્રાતઃસ્મરણીય અચલગચ્છ મુનિમંડલાગ્રેસર દાદા સાહેબ ૧૦૦૮ શ્રી ગૌતમ સાગરજી મ. સાહેબના ગચ્છ ઉપરના અનેક ઉપકારોની સ્મૃતિરૂપે એમના કરકમલમાં શ્રી **'નરેન્દ્રાદિનત-જિન-ગુણ વિભૂષિત મનોહર માળા'** નામનો ગ્રંથ અર્પણ કરેલ છે જેમાં શ્રી ભદ્રેસર તીર્થનો ફોટો છે તેના મથાળે ઉપરોક્ત દર્શાવ્યા મુજબની એમણે રજુઆત કરી છે.

ગેરસમજના વિધાનને કારણે ભાવિ ઈતિહાસ વિશારદો કે સંશોધકોમાં ભ્રમ ઉત્પન્ન કરાવે એવી ઈતિહાસની આ વિકૃતિ (Distortion) છે.

પૂ. સાધ્વીજીના ઉપરોક્ત વિધાન ઉપરથી ત્રણ પ્રશ્નોનું વિશ્લેષણ કરવું જરૂરી છે.

(૧) એક સમય એવો હતો કે સમસ્ત અબડાસામાં ગામેગામ વસતા ગુર્જર ભાઈઓ દુકાન, હાટ, ધીરધાર, દલાલી, આડત આદિ વ્યાપારમા વ્યસ્થ હતા પણ ગઈ સદીમાં કચ્છમાં થયેલ ભયંકર ભૂકંપ પ્રસંગે ઉપસી આવેલ જમીન (અલ્લાજો બંધ)ના કારણે કચ્છમાં વહેતી સિંધુ નદીએ વહેણ બદલતા તથા ઉપરાઉપરી પડતા દુષ્કાળના કારણે મબલખ પાક દેતી અબડાસાની ફળદ્રુપ ધરતી વેરાન બનતા અબડાસામાં વેપાર ઠપ થવાથી ગુર્જર ભાઈઓ આસ્તે આસ્તે માંડવી-ભુજ આદિ તાલુકાઓમાં વસવા ચાલ્યા ગયા. સુથરી તીર્થના નૂતન જિનાલયની પ્રતિષ્ઠા દોઢસો વરસો પૂર્વે સં. ૧૮૯૬માં થઈ તે સમયે ગુર્જર ભાઈઓ બહોળા પ્રમાણમાં સુથરીમાં વસતા હતા. સં. ૨૦૧૨માં શ્રી સુથરી તીર્થની શતાબ્દિની ઉજવણી વખતે ગુર્જર જ્ઞાતિના અવશેષ રૂપ સાંયરાના વતની પણ શિક્ષકના વ્યવસાયે શ્રી હંસરાજ ખીમજી માસ્તર સુથરીમાં સપરિવાર વસતા હતા. હું ધારૂ છું કે હવે કદાચ નામ રૂપે પણ કોઈ ગુર્જર ભાઈ અબડાસામાં નહિ હોય!

હાલ અબડાસામાં ફક્ત ક.દ.ઓ.નો વસવાટ હોઈ, ચારેક સો વરસો પૂર્વે વર્ધમાન-પદ્મસિંહ અને ચાંપસી ત્રિપુટી બાંધવો સુથરી પાસેના આરીખાણામાં જન્મ્યા હોવાથી એમને ક.દ.ઓ. જ્ઞાતિના ગણવામાં પૂ. સાધ્વીશ્રી ભૂલ થાપ ખાઈ ગયા છે !!!

અમરશીશાના આ ત્રણે પુત્રો પોતાના કુળગુરૂ અચલગચ્છેશ્વર પૂ. ભટ્ટારક શ્રી કલ્યાણસાગર-સૂરીશ્વરજી મ.સા. (સં.૧૬૩૩-૧૭૧૮) ના ઉપદેશથી શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર, જામનગરમાં ૭૨ જિનાલય યુક્ત શ્રી શાંતિનાથજીનું ગગનચુંબી વિશાળ જિનાલય તેમજ ભલસાણ અને છીકારી (હાલાર) આદિ ગામોમાં જિનાલયો બંધાવી પૂ. ગચ્છાધિપતિની પાવન નિશ્રામાં એની પ્રતિષ્ઠા કરેલ. મેઘજી ઉડાઆશા (ઉદેસી) દ્વારા સુથરીમાં પધારેલ મુલનાયક શ્રી ધૃતકલોલ પાર્શ્વનાથ શ્રી વર્ધમાન પદ્મસિંહના વરદહસ્તે છીકારીમાં પ્રતિષ્ઠિત થયા હતા તેજ મુલનાયક ભગવાન છે.

ચીન સાથે આયાત નિકાસનો વેપાર કરતા હોવાથી આ બાંધવો આરીખાણાની વિદાય લઈ ભદ્રેસરમાં વસવા ગયા જે તે વખતે એક ધીકતું બંદર હતું.

વર્ધમાનશા સં. ૧૬૮૮માં ભદ્રેસરમાં સ્વર્ગવાસી થતાં અનુજ પદ્મસિંહ શાહે એમની સ્મૃતિમાં વિશાળ સેલોર વાવ બંધાવી તથા એમના અગ્નિદાહની જગ્યા ઉપર છત્રી આકારની દેરી બંધાવીને એમાં શ્રી શાંતિનાથ ભગવાનની પાદુકાની સ્થાપના કરી. આ બંને સ્મારકો અદ્યાપિ પર્યંત ભદ્રેસર તીર્થના પરિસરમાં વિદ્યમાન છે.

(૨) વર્ધમાન પદ્મસિંહ બાંધવો લાલન ગોત્રીય હતા એવો ઉલ્લેખ પૂ. સાધ્વીશ્રીના ઉપરોક્ત લખાણમાં છે. ક.દ.ઓ., ક.વી.ઓ., ગુર્જર, જામનગરી અને રાજસ્થાની વીસા ઓસવાલોમાં નાગડા ગોત્ર છે એટલે લાલન ગોત્ર પણ ઉપરોક્ત પાંચ ઓસવાલ જ્ઞાતિઓમાં છે એમ સમજીને પૂ. સાધ્વીશ્રીઓ વર્ધમાન પદ્મસિંહને કચ્છી દશા ઓસવાલ લાલન ગોત્રીય જણાવ્યા છે એમ હું માનું છું. પણ વાસ્તવમાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં લાલન ગોત્રની એક પણ વ્યક્તિ નથી. ઉપરોક્ત બે મુદ્દાઓ પરથી સ્પષ્ટ થાય છે કે લાલન ગોત્રીય વર્ધમાન-પદ્મસિંહ ક.દ.ઓ. જ્ઞાતિના નહિ પણ ગુર્જર વીસા ઓસવાલ જ્ઞાતિના હતા અને જો એ ક.દ.ઓ. જ્ઞાતિના ન હોય તો એઓ ક.દ.ઓ. જ્ઞાતિના લોડાઈયા ગોત્રીય વીરો વીરજી અને પાત્રો (પત્રામલ) કેમ હોઈ શકે?

(૩) વિદુષી સાધ્વી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.

એજ લેખમાં જણાવે છે, 'વર્ધમાન પદ્મસિંહના વંશમાં ઉત્પન્ન થયેલ દાનવીર જગડુશાને જીર્ણોદ્ધાર કરાવેલ અતિ પ્રાચીન ભદ્રેસર (વસઈ) મહાતીર્થ' અહીં પણ પૂ.સાધ્વીશ્રીની ગેરસમજ થાય છે. વર્ધમાન-પદ્મસિંહથી પણ દોઢ બસો વર્ષો પૂર્વે કચ્છમાં લાગલગાટ ત્રણ વરસો સુધી પડેલ ભીષણ દુષ્કાળ વખતે નાતજાતના ભેદભાવ વગર પોતાના અખુટ અન્નભંડારો દુષ્કાળ પીડિતો માટે ખુલ્લા મુકનાર જગડુશાહની દાનેશ્વરી તરીકે ખ્યાતિ થઈ એ જ જગડુશાહે ભદ્રેસર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ.

વર્ધમાન શાના ચાર પુત્રો પૈકી એકનું નામ જગડુ હતું. પોતાના વડીલોની જેમ એ પણ કુલગુરૂ શ્રી કલ્યાણસાગરસૂરીજીનો પરમ ભક્ત હતો. ભૂજ સ્થિત પૂ. આચાર્યના અંતિમ સમયે જગડુશાહે એમની ખૂબ સેવા સુશ્રુષા ભક્તિભાવે કરી તથા સ્મશાન યાત્રા પ્રસંગે ૫,૦૦૦ મુદ્રિકા ઉછાળી યાચકોને દાન આપ્યું અને અષ્ઠાનિકા મહોત્સવ કર્યો. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે આ જગડૂશાએ નહિ પણ એના વડીલો વર્ધમાન-પદ્મસિંહ બાંધવોએ પૂ. આચાર્યશ્રીના ઉપદેશથી ભદ્રેસર તથા સમેતશિખરજી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવેલ.

ઉપર દર્શાવ્યા મુજબની વિગતથી "અચલગચ્છ દિગ્દર્શન"ના આધારે) આપણે જાણી શક્યા કે વર્ધમાન પદ્મસિંહ બાંધવ બેઘડીએ "વીરો પાતો" બાંધવ બેલડીથી તદ્દન અલગ વ્યક્તિ હતા. તો પછી વીરો પાતો કોણ હતા? મારા મિત્ર અને માસીયાઈ ભાઈ સ્વ. શ્રી ઉમરશી દેવજી લોડાઈઆ મંજલવારા તરફથી મને જે જાણવા મળ્યું તે અત્રે રજુ કરૂં છું.

આ બાંધવ બેલડી સુથરીમાં જન્મ્યા હતા એ સૌને સ્વીકાર્ય હકીકત છે. પણ એમના માતાપિતા કોણ હતા? ક્યારે એમનો જન્મ થયો વિગેરે હકીકતથી સમાજ અજાણ છે. વર્ધમાન પદ્મસિંહ બાંધવ બેલડીની જેમ એઓ શુદ્ધ સમક્તિયુક્ત બાર વ્રતધારી શ્રાવક હતા કે કેમ? એઓ ઉત્તમ કોટીના સહુનું ભલું ચાહનારા અને ભલમનસાઈના કાર્યો નિઃસ્વાર્થ ભાવે કરનાર પૂજનીય સંતો હતો એ નિર્વિવાદ હકીકત છે એટલે તો એઓ 'ભલારાદાદા' તરીકે સંબોધાતા આવ્યા છે. સંતોના ઘણા પ્રકારો છે. (૧) પોતે આધ્યાત્મિક જીવન ગાળતા હોવા ઉપરાંત વિદ્વતા અને વાચાળતાના કારણે એક અનુયાયી વર્ગ ઊભો કરે છે અને પોતે સ્થાપેલ પંથમા એમને સામેલ કરે છે. દા.ત. પૂ. શ્રી કાનજી સ્વામી, શ્રી ચૈતન્ય મહાપ્રભુ, શ્રી સહજાનંદ સરસ્વતિ વિગેરે વિગેરે (૨) અ. કેટલા સંતો પોતે આધ્યાત્મિક પ્રવૃત્તિમાં મશગુલ હોવા ઉપરાંત આમ જનતાને સન્માર્ગે વાળવા ઉપદેશાત્મક કૃતિઓ રચે છે દા.ત. શ્રી આનંદઘનજી, શ્રી ચિદાનંદજી વિગેરે (બ) કેટલાક સંતો આત્માર્થી હોવા ઉપરાંત સમાજ સુધારણાર્થે સ્વયં રચિત કૃતિઓનો ગામેગામ ફરી પ્રચાર કરતા હોય છે દા.ત. નરશી મહેતા, મીરાંબાઈ, જ્ઞાનેશ્વરજી, તુલસીદાસજી, રામદાસજી આદિ. (૩) પોતે આધ્યાત્મિક જીવન ગાળતા હોવા ઉપરાંત આધિ-વ્યાધિ અને ઉપાધિગ્રસ્ત શરણે આવેલ લોકોના દુઃખ દારિદ્ર દૂર કરવા પ્રયત્નશીલ હોય છે. વીરો અને પાતો બંધુ બેલડી આ પંક્તિના પ્રતાપી સંત હતા. દયા, સત્ય ભાષા, નિર્લોભતા, સંતોષ, સદાચાર, નિરાભીમાનપણું, સરળતા, નિખાલસતા, નિઃસ્વાર્થતા આદિ અનેક સદ્‌ગુણોના ભંડાર સમા આ બાંધવો 'સિધ્ધિ વચની' હતા એટલે જે બોલે એ સાચુ પડે.

બંનેમાંથી નાનાભાઈ (પાતો) સુથરીમાંજ રહ્યા અને મોટાભાઈ વીરો જામનગર જીલ્લા અંતર્ગત લાલપુરમાં ગયા. બંને ભાઈઓ વચ્ચે એટલો સ્નેહ અને પ્રેમભાવ હતો કે એઓ દરરોજ રાત્રે મળતા. "આકાશગામિની વિદ્યા" ના કારણે એઓ રોજ રાતના ઉડીને કચ્છ અને જામનગર વચ્ચેના દરિયામાં ભેગા થતા એટલું જ નહિ પણ એમણે 'પ્રાકામ્ય સિધ્ધિ' પ્રાપ્ત કરી હતી જેના કારણે મિલન વખતે જમીનની પેઠે એઓ પાણી ઉપર ચાલતા અને આસન પાથરી એના ઉપર બેસતા.

આવા સંતોના કારણે જ્ઞાતિ ગૌરવ લે એ સ્વભાવિક છે. એમના વંશ વારસે પીર તરીકે ઓળખાય છે લગ્ન આદિ શુભ પ્રસંગોએ તેમજ ધારેલ કામ સફળ થતા એમની માનતા કરનાર 'બારઈ' કરે છે. બાર જણ એક પંગતમાં બેસીને બંધબારણે એમના નામે પાઠ માંડતી વખતે સાથે જમે જેની પાઠવિધિ એમનો વંશજ કોઈપણ પીર કરાવે છે. સંકટ સમયે એમનું સ્મરણ કરવાથી એઓ અદૃશ્યપણે હાજર રહીને દુઃખ નિવારણ કરતા હોઈ એમનો મહિમા ખૂબ પ્રસર્યો છે. હવે તો અઢાર આલમમાં એમના પ્રત્યે શ્રધ્ધાયુક્ત પૂજ્યભાવ વધ્યો હોવાથી પોતાની માનતા ઉતારવા એઓ લાલપુરમાં એમના સ્થાનકે આવે છે. કેટલાક જ્ઞાતિ ઉપાસકો તરફથી અહીં દર ચૈત્ર માસની પુનમે પેડી થતી હોવાથી તથા રહેવા માટે જગ્યાનો પ્રબંધ થયો હોવાથી મોટી સંખ્યામાં ભાવિક જ્ઞાતિભાઈઓ અહીં ઉપસ્થિત થાય છે. કહેવાય છે કે પીર પરિવારમાંથી પુરૂષ વ્યક્તિનું નિધન થતાં એની સ્મૃતિ રૂપે એક પત્થર જમીનમાંથી સ્વયં પ્રગટ થાય છે. આવા અનેક પત્થરો સ્થાનની પછવાડે જોવામાં આવે છે, જેની ઉપર સિંદુર લગાડવામાં આવે છે.

**('પ્રકાશ સમીક્ષા'માંથી)**


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઇમ્બતુર)

## સ્વ. દેવજી દામજી ખોના (B.A.) જન્મ શતાબ્દિ વર્ષ
જન્મ : ૧૩.૧.૧૯૧૩



### ગતાંક (૩) માં પ્રગટ થયેલ તેમની જીવનગાથામાં પૂરક માહિતી)

૧૯૩૫માં 'પ્રકાશ' દ્વારા પ્રકાશિત થયેલ વસતીપત્રક અંગે નિમાયેલ સમિતિના એક સક્રિય સભ્ય હતા.

૧૯૪૮માં યોજાયેલ પ્રથમ જ્ઞાતિ અધિવેશનમાં પણ મુંબઈમાં એક સક્રિય કાર્યકર હતા.

ગદગની ક.દ.ઓ. જૈન સ્કુલની પ્રણાલી પ્રમાણે વાર્ષિક પરીક્ષક તરીકે જ્ઞાતિના કોઈ મહાનુભાવો આમંત્રવામાં આવતા તેમાં પરીક્ષક તરીકે ત્રણેક વર્ષ સુધી સેવાઓ આપેલી.

માંડવી/મસ્જીદબંદર ખાતે પર્યુષણ પર્વ દરમ્યાન અઠ્ઠાઈ અને વધુ ઉગ્ર તપસ્યા કરનાર તપસ્વીઓની પ્રથમ સમુહ સાંજીના આયોજક હતા.

આઝાદીની ચળવળ દરમ્યાન કફ પરેડના દરિયામાં મીઠુ પકવવા માટે સત્યાગ્રહમાં ભાગ લીધો હતો.

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા નિર્મિત ચીજ-વસ્તુઓના વપરાશનો આગ્રહ રાખતા.

વિવિધ ગચ્છોના અનેક આચાર્યો અને સાધુઓ સાથે ગાઢ પરિચય હોવા છતાંયે કોઈ એક આચાર્ય કે સાધુને 'ગુરૂ' તરીકે માનેલા નહીં, તેઓ દ્રઢપણે માનતા કે દરેક 'જૈન સાધુ મારા ગુરૂ.'

ઝેવીયર્સ કોલેજમાં ચાલતા 'ગ્રુપ ઓફ ઓરીએન્ટલ સ્ટડીઝ' હેઠળ વિવધ ધર્મોના તુલનાત્મક અભ્યાસ કરનાર ગ્રુપના પણ સક્રિય કાર્યકર.

'ધર્મ જડતાથી નહીં પણ સમજદારીથી થવો જોઈએ' એમ માનતા અને આચરણમાં પ્રદર્શિત કરતાં. છતાંયે કોઈ અજડની જેમ ધર્મ કરે તો પણ તેને આવકારતા અને ધીરે ધીરે સમજાવવાનો પ્રયત્ન કરતા. કહેતા કે અજડની જેમ ધર્મ કરવાવાળો સમજદારી આવ્યા બાદ સાચી રીતે ધર્મ કરશે.

છ વર્ષની ઉંમરે ફક્ત એક દિવસનો ઉપવાસ કરેલ તે પછી પીત્ત પ્રકૃતિના કારણે ક્યારેય ઉપવાસ કે ઉગ્ર તપસ્તા કરી શક્યા નહીં. તપસ્યા શારીરિક પ્રકૃતિને અનુરૂપ થવી જોઈએ તેવો આગ્રહ રાખતા.

ગુંદરના કાચા માલની ગજબની પરખ ધરાવતા. પાકો માલ બનાવવામાં પણ હથરોટી અને નિપુણતા. કાચા માલની ખરીદી માટે હરીફ પેઢીઓ પણ એમની સલાહ લે તો નિઃસ્વાર્થ ભાવે સાચી સલાહ આપતા.

ધર્મમાં મક્કમ વિચારો હોવા છતાંયે સામાજીક વિચારોમાં સુધારક રહ્યા હતા. એમનાં સંતાનોએ પણ સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવી. પોતાના વિચારો કોઈ પર ન લાદતા. લોકશાહીના સંપૂર્ણ આગ્રહી, પ્રેમલગ્નને બહાલી આપતા.

મૃત્યુ બાદ શોકસભા ન રાખવા તથા શોક ન પાળવા ખાસ સૂચના આપેલ., કોઈના પણ મૃત્યુ બાદ શોક કે સુધ પાળવાની પ્રથાના વિરોધી. કહેતા કે શોક પાળવાથી મૃતકના જીવ પર ભાર ચઢે છે. પોતાની ધર્મપત્નીના મૃત્યુ બાદ પણ શોક કે સુધ નહીં રાખેલ. તેના સાત દિવસમાં જ પૌત્રનું સગપણ નક્કી કરી તેની જાહેરાત પણ કરેલ. સૂતકના બદલે દેવદર્શન, પુજા તથા અન્ય ધાર્મિક કાર્યો મુલતવી રાખવાના વિરોધી. એવું માનતા કે સૂતક એ બ્રાહ્મણોના ભેજાની ઊપજ છે. ઘરમાં પણ કોઈનું મૃત્યુ થયું હોય તો બીજા દિવસે સ્નાન કરીને પૂજા કરી આવતા.


॥ જયશ્રી સચ્ચાઈમાતાય નમઃ    જયશ્રી ભલારાદાદા ॥

શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીને મોટી-વરંડી (કચ્છ) સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ, પુનઃ પ્રતિષ્ઠા પછીની તૃતિય પહેડી **રવિવાર તા. ૧૦.૩.૨૦૧૩**ના ભાંડુપ મધ્યે **સવારના ૧૦ થી ૩** સુધી રાખેલ છે.

-: પહેડીના સૌજન્ય દાતા :-

**શ્રી કલ્યાણજી ભાણજી લોડાયા સમસ્ત પરિવાર**

વરંડી-મોટી (કચ્છ)

**-: કાર્યક્રમ :-**

**૧) પહેડી પ્રસાદ**
**૨) સભા-અહેવાલ સં.૨૦૭૦ માગશર સુદ-પની ધ્વજા ચડાવવાનો આદેશ.**
**૩) રમત-ગમત (સમય અનુસાર)**

**-: સ્થળ :-**

ગીતા હોલ, ભોંયતળિયે, શ્રી ભાંડુપેશ્વર મંદિર રોડ, ભાંડુપ રેલ્વે સ્ટેશનની બાજુમાં, ભાંડુપ (વે), મુંબઈ-૭૮.

તા.ક. સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ ભાવભર્યું આમંત્રણ

સંપર્ક : **શ્રી મણિલાલ લોડાયા-9322276296**
**રમેશ લોડાયા-9892003940**
**અનિશ શાહ-9833511685**

# રણ લાગતું જીવન હરિયાળી બનીને મહેકી ઊઠ્યું

યતીનને પરણીને વૈદેહી સાસરે આવી, એણે જોયું કે ઘરમાં જબરી કરકસર થાય છે. સસરાનો વિશાળ બે માળનો બંગલો છે, ત્રણ ત્રણ પેઢીથી ધીકતો ધંધો ચાલે છે, સંપત્તિની કોઈ કમી નથી. છતાં દરેક જણ વસ્તુ ખરીદતા પહેલાં સત્તર વાર વિચાર કરે છે. કોઈ મોંઘી હોટલમાં ખાણું લીધું હોય કે મોજ ખાતર લાંબા પ્રવાસે ગયા હોય એવો સ્વભાવ જ નથી. આંગણામાં ત્રણ ત્રણ કાર છે પણ ત્રણે જૂનાં મોડલ છે, કહે છે મશીન સરસ છે, પછી લેટેસ્ટ મોડલનું શું કામ?

કોઈ પ્રદર્શનમાં જાય અને કલાત્મક ચીજ જુએ તો થોડી ક્ષણો ત્યાં ઊભા રહીને જોઈ લે પણ ખરીદે નહીં.

વૈદેહી બોલતી 'સરાઉન્ડ યોરસેલ્ફ વિથ બ્યુટી' આવી એક સુંદર ચીજ આખું વાતાવરણ મહેકતું અને મનમોહક કરી નાખે. યતિન જવાબ ન આપતો, માત્ર હસતો. વૈદેહી અકળાઈ ઊઠતી, આટઆટલી કમાણી છે છતાં પીસાતા, મધ્યમવર્ગીની જેમ કેમ જીવવાનું? હું તો ગુંગળાઉં છું.

યતીન કહેતો "આપણા ઘરની આ પ્રથા છે, અમારા બધાનાં લોહીમાં કરકસર છે. પપ્પા, કાકા, ફોઈ બધામાં દાદાજીનો વારસો ઊતર્યો છે. દાદાજીને ઘણી પ્રોડક્ટની ડીલરશીપ હતી પણ મંદીના સપાટામાં બધું નિરર્થક થઈ ગયુ, જાહોજલાલી તો જતી જ રહી પણ રોજેરોજનો જીવનવ્યવહાર ચલાવવો પણ મુશ્કેલ થઈ પડ્યો.

મારા પપ્પાએ ઘણી તકલીફો ભોગવી હતી, આર્થિક ભીંસ અને કપરા સંજોગોમાં ય એ હિંમત રાખીને ભણ્યા ને સારી નોકરી મળી, કાકાને પણ સારી નોકરી મળી, દિવસો સુધર્યા પણ એમણે જે ખરાબ પરિસ્થિતિ જોઈ હતી એમાંથી બહાર આવી શક્યા ન હતા.

મને બરાબર યાદ છે હું દસેક વર્ષનો હતો ને મેં એક પેન્ટ માટે જીદ કરી પણ મને પેન્ટ નહોતું અપાવ્યું. હું રિસાઈને મારી રૂમમાં બેસી રહ્યો ત્યારે પપ્પાએ એમનું કબાટ ખોલીને મને બતાવ્યું કે જો મારી પાસે કેટલી જોડ કપડાં છે? મેં જોયું તો કુલ ચારેક જોડ કપડાં હતાં. પપ્પા મોટા ઑફિસર, મોટો પગાર મેળવે, પણ ખરચી ન શકે, તેમણે ગળગળા અવાજે મને કહ્યું હતું, "બેટા તું મને વહાલો છે ખૂબ ખૂબ વહાલો, તું આમ ઉદાસ થઈ જાય એ મને ન ગમે પણ તું સાવ બિનઅનુભવી અને નાદાન છે તું વિચાર, આજે મારી આ નોકરી છે એ કાલે ન પણ હોય, આ આવક એકદમ બંધ પડી જાય તો શું કરીએ? માટે પૈસાની કિંમત સમજો પૈસા ફેંકી દેવા નથી. મેં જે દુઃખ જે લાચારી વેઠ્યાં છે એ વેઠવાના દિવસ તારે ન આવે. પૈસા બચાવીને રાખો."

પપ્પાજીના એ બોલ મારા હૈયે કોતરાઈ ગયા છે, તે દિવસથી હું કરકસર કરતો થઈ ગયો છું. અમારી કરકસર તને કંજુસાઈ લાગે છે પણ હું એ નહીં છોડી શકું.

વૈદેહીએ પતિને કંઈ જવાબ ન આપ્યો પણ એને આ કરકસરભરી જીવનશૈલી રૂચતી નહીં.

એકાદવાર એણે યતીનને કહ્યું, અમારા ઘરમાં ભોગવિલાસ નથી, સાદાઈ છે પણ કલાત્મક સાદાઈ, એવી સાદાઈનું મને ગૌરવ છે પણ અહીં તો.....

યતીન સ્વભાવે શાંત અને ઓછાબોલો હતો. વૈદેહીની દૃષ્ટિએ વેદિયો. અને સસરાજીને તો એ સમજી શકતી જ ન હતી. વિચારતી તેઓ ખૂબ સ્નેહાળ છે, ઘરના દરેકે દરેક સભ્યની કાળજી રાખે છે પણ જીભથી. વાર તહેવારે કદી  ભેટ આપતા નથી. પુસ્તક વાંચવાનું કહે છે પણ બને ત્યાં સુધી લાઈબ્રેરીમાંથી લાવે છે નહીં તો સેકન્ડહેન્ડ બુક સ્ટોલમાંથી. આ તે કંઈ જિંદગી છે ?

ત્યાં સસરાના ગામના કોઈ માણસને ઓપરેશન કરાવવાનું હતું. એ સગો કે સંબંધી ન હતો માત્ર પોતાના ગામનો હતો એ સંબંધ. એને એકાદ લાખની જરૂર હતી તો સસરાએ તરત એને ટેકો કર્યો એટલું જ નહીં પણ હોસ્પિટલમાં પણ એની સાથે જ રહ્યાં. વૈદેહી તો અવાક થઈ ગઈ. ઓહ, સસરાજી આટલા ઉદાર પણ થઈ શકે છે. એકસામટા લાખ રૂપિયા ખરચી નાખ્યા.

આ ચોમાસે એમના ઘરનોકરની મા માંદી થઈ ત્યારે પણ એવી જ રીતે મદદ કરી. એને ઘર રીપેર કરવામાં અંગત રસ લઈ સારી રીતે કામ પતાવી આપ્યું. અલબત્ત, માલસામાનની ખરીદીમાં અને મજૂરીના ભાવતાલમાં બહુ ચોક્સાઈ કરી. વૈદેહી નવાઈ પામતા બોલી, "પપ્પાજી, આ ખરચો કરતાં મંદીનો કોઈ ડર ન લાગ્યો? કદાચ છે ને આપણી આવક જ બંધ થઈ જાય તો..." વૈદેહી પુત્રવધૂ છે પણ સસરાને દીકરીની જેમ પૂછી શકે છે, આ ઘરમાં એવી છૂટ છે. સસરાજી બોલ્યા, આ કામ આપણું નથી. આમાં આપણા મોજશોખ નથી કે અભિમાન પોષાતું નથી. રવજીના ઘરમાં ચારેબાજુથી ભેજ ઊતરતો હતો તેથી જ એની માને ડબલ ન્યુમોનિયા થઈ ગયો હતો, ઘરમાં બધાં માંદા જ રહે છે તેથી એમના આરોગ્ય માટે ખરચો કરવો જ પડે. જેમ આપણા આરોગ્યની કાળજી રાખીએ છીએ એમ આપણી સાથે રહેતા માણસોની કાળજી રાખવાની આપણી ફરજ છે. તેથી એનું ઘર રીપેર કરાવ્યુ. આપણું મનુષ્યત્વ કુંઠિત ન થવું જોઈએ.

વૈદેહીને સસરાજીની નિસ્વાર્થ, પ્રેમભરી ફરજ નિષ્ઠા માટે માન થઈ ગયું. હવે ઘરના કરકસરભર્યા વાતાવરણમાં એ ગુંગળાતી નથી.

સસરાજીની બાહ્ય ઊંચાઈ તો એ જ છે, પાંચ ફૂટ નવ ઈંચ પણ વૈદેહીની દૃષ્ટિએ સસરાની ઊંચાઈ વધી ગઈ.

***(સંકલિત)***

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ દ્વારા

## મુંબઈ મહાજન પ્રાયોજીત વસતીપત્રકની વેબસાઈટનું વિમોચન

પૂર્વેનું Demostration

## જ્ઞાતિજનોને આ પ્રસંગે પધારવાનું હાર્દિક આમંત્રણ

**શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩**

૮મા KDO વસતિપત્રક Online વેબસાઈટ ડેમોન્સ્ટ્રેશન – ટ્રાયલ રન શનિવાર, તા. ૨૬–૧–૨૦૧૩ના સાંજના ૬.૦૦ કલાકે મુંબઈ મહાજન આયોજિત કચ્છી ટ્રેડ ફેર –૨૦૧૩ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રજુ કરવામાં આવશે.

જેથી કરીને વસતિપત્રકની વેબસાઈટ Finally કેવી હશે? એમાં શું નવિનતા હશે? એનાથી જ્ઞાતિને શું ફાયદો થશે? **જેમ કે નીચેની ઘણી માહિતિઓ આપણે ફકત ૨ / ૩ સેકન્ડસમાંજ પ્રાપ્ત કરી શકશું જે જાણીને / જોઈને / સમજીને આપશ્રી ખરેખર દંગ રહી જશો.**
૧) એક જ વ્યકિતની ૭/૮ પેઢી સુધીના ભાઈબહેન / જમાઈ / કાકા/ મામા / ફૂઆ / માસા / દાદાણા / નાનાણા / સસરા વગેરે ૫૦૦/૧૦૦૦/૧૫૦૦ કુટુંબીજનોનાં માહિતિ કુટુંબ વડલો ૨) એકજ ગોત્ર/ગામ/વિસ્તાર/વ્યવસાય/ડીગ્રી/ ઉમરની વ્યકિત લીસ્ટ (લગ્ન / સ્નેહેમિલન / ચૂંટણી વગેરે માટે ગમે ત્યારે જરૂર પડે ત્યારે Ready ૩) મોબાઈલ ફોન પર પૂરા વસ્તીપત્રક હંમેશા ઉપલબ્ધ ૪) સમગ્ર વિશ્વભરમાં ૬૦૦ થી વધુ વિસ્તારોમાં રહેતા ૩૦,૦૦૦ થી વધુ જ્ઞાતિની ઘરે લગ્ન / જન્મ / મરણ કે અન્ય સારા નરસા બનાવો / કાર્યક્રમોના Day to Day સમાચારો Online 24 x 7 ઉપલબ્ધ. ૫) KDO જ્ઞાતિ કાર્ડ 7D card

સર્વે જ્ઞાતિજનો, મહાજનશ્રીઓ, એકમોને ખાસ વિનંતી, બાકી રહેતા ભરેલા ફોર્મ્સ પાછા મેળવવા અમને એમના અમૂલ્ય સાથ અને સહકારની અપેક્ષા.

**લી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ વતી**

વિનોદ ધુલ્લા – ૦૯૮૨૦૧૨૨૩૬૬, રમેશ મોતા – ૦૯૮૧૯૬૫૫૨૫૯, ડુંગરશી મૈશેરી : ૦૮૮૯૮૨૭૭૭૬૬

વસતિપત્રક સમિતિ કાર્યાલય : ૦૯૯૨૦૮૫૫૨૫ E-mail : vinoddhulla@gmail.com

## પરમાત્મા, એ આત્માઓને પરમ શાંતિ આપજો



ગામ - સેવકભરૂડીયા
હાલે-માટુંગા



**સ્વ. પિતાશ્રી કાંતિલાલ કેશવજી દંડ**
(૨૩.૧૧.૧૯૩૬ - ૨૯.૭.૧૯૯૮)

**સ્વ. માતુશ્રી કંચનબેન કાંતિલાલ દંડ**
(૦૯.૨.૧૯૪૧ - ૧૯.૦૧.૨૦૧૨)

જેમણે જીવનભર સંઘર્ષ ખેલીને અમારા પરિવારના બાગને સતત મહેકતો રાખ્યો
એવા ભગવાનતુલ્ય માતા-પિતાને શ્રદ્ધાસુમન

આપની યાદમાં...
પુત્રવધુ-પુત્ર : **જુગ્ના વિમલેશ દંડ** (સેવક-ભરૂડીયા)
પુત્રી-જમાઈ : **હિના નરેશ મોતા** (લાલા)
પૌત્ર : **જુવીન વિમલેશ દંડ** • દોહિત્ર : **આયુષ નરેશ મોતા**
એવમ્
માતુશ્રી : **લીલબાઈ કેશવજી ગોવિંદજી દંડ પરિવાર** (સેવક ભરૂડીયા)
**માતુશ્રી લીલબાઈ શામજી કરમશી લાલકા** (ધ્રાફા)

## ઝુકી તો જવાયને...

*એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના*
*સાથી હાથ બઢાના સાથી રે....*

**શા. ભવાનજી મેઘજીભાઈ લોડાયાનું નાંદેડ**ની મુખ્ય બજાર મોંકાની હનુમાન ટેકડી પર "અનુપમ સ્ટોર્સ" નામે કટલરી સ્ટેશનરી કૉસ્મેટીક જનરલ વસ્તુઓનું હોલસેલનું સ્ટોર્સ. જેમાં ભવાનજીભાઈ તથા એમના પુત્ર મુકેશ કામકાજ સંભાળતા ઉમર અને તબીયતના કારણે ભવાનજીભાઈને દુકાન પર જવાનુ બંધ થયું. ઘરેજ આરામ. દુકાનની પુર્ણ જવાબદારી આવી રીતે એકલા મુકેશ પર આવી ગઈ. કામકાજ મોટું આઈટેમ ઘણી, ખરીદી કરવા મુંબઈ-હૈદ્રાબાદ જવું પડે. મુકેશ પોતે એક સામાજીક કાર્યકર્તા સમાજના સુખ-દુઃખના ધાર્મિક પ્રસંગો પર હાજરી આપવી પડે. ગ્રાહક બધા આજુબાજુના ગામડાના, દુકાનદાર કોઈ પાંચ આઈટમ કોઈ દશ-વીશ આઈટમનું લીસ્ટ આપે. વિશ્વાસપાત્ર નોકર મળે નહીં. ત્યારે ઘરના સાથીએ હાથ અને સાથ આપવાનો વિચાર કર્યો. સૌ. તરલા મુકેશ જે રોજ ખાવાનું ટીફીન લઈ દુકાન પર જતા, મુકેશ જમે ત્યાં સુધી દુકાન સંભાળતા પણ હવે તો પુર્ણ સમય ઘરનું કામ સવારના જલદી પતાવી ડબ્બો લઈ જાય. તે પાંચથી રાતના દુકાન બંધ થાય ત્યાં સુધી દુકાનમાં બીલ બનાવવું, હિસાબ કરવું, ભાવતાલ બધું જ સંભાળી લીધું. હવે ક્યારેક મુકેશને કામ હોય તો દુકાન પણ પોતે ખોલે. આમ સૌ. તરલાબેને પોતાના પતિ મુકેશને સાથ આપી, ખભેખભા મિલાવી, બોજ ઉપાડી લીધો અને એટલે જ મુકેશની અડધી જવાબદારી ટેન્શન ઓછું થયું. ધન્યવાદ સૌ. તરલા મુકેશ લોડાયાને.. નારી શક્તિની આવી હિંમત માટે ઝુકી તો જવાયને....

**– પ્રેમચંદ મોતા** (નાંદેડ)


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ – ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન



## વૈદકીય સહાયતા માટે અપીલ

**શ્રી નિલેશ ખેતશી દૌલત** (સુથરી વિક્રોલી) ઉ.વ. ૩૩, આ ભાઈ ત્રણ વરસથી SCI (સ્પીનલ કોડ ઈન્જુરી)થી પીડાય છે. જેમાં તે પોતાની જાતે કંઈ પણ કરી શકતા નથી. અને પોતાની દિનચર્યા માટે પરાધીન છે.

એમના ઉપચાર માટે Neuro Regenerative Rehabilitation Therapy (NRRT) (સ્ટેમ સેલ થેરપી) કરાવવાની છે જે ખુબજ ખર્ચાળ હોવાથી, અને એમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તે અશક્ય બને છે. ઉપચાર માટે અંદાજીત રૂા. ૨૦૦,૦૦૦/- (અંકે બે લાખ રૂા.) નું ખર્ચ આવવાનું છે. એ માટે જ્ઞાતિજનો પાસેથી મદદની અપેક્ષા રાખેલ છે. ઉદારદિલ જ્ઞાતિજનો/સંસ્થાઓ/સંઘો નીચેના સરનામે મદદ કરવા વિનંતી.

**શ્રીમતી દિવ્યા નિલેશ દૌલત**
૧૭-૧૧, હરીયાલી વિલેજ, બજરંગ ચાલ,
ભવાની ચોક, ટાગોર નગર નં.૩, વિક્રોલી (ઈ),
મુંબઈ-૮૩. ફોન : 081082888088,
SB A/c No. 937576387 Indian Bank-Mumbai
Divya Nilesh Daulat


*॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥*

**Shree Sai Estate Consultant**

*કચ્છની ધીંગી ધરા, અબડાસા તાલુકાના સાંધવગામમાં આકાર લઈ રહેલું.... **"શ્રી શાંતિનાથ નગર"**-સાંધવ-ભાચુંડા રોડ (સાંધવ-કચ્છ) સર્વે નં.* ૧૪૯. સાંધવગામે શાંતિનાથ દાદાના બેસણાં અને શ્રી વાછરાદાદા અને લાલછતા પીરની પાવન ધરતી પર **૨૦૦ ચો.વાર**ના મર્યાદિત પ્લોટ વ્યાજબી દરે મેળવો. કચ્છમાં વધતા જતા વિકાસમાં જમીન રોકાણમાં આપને સારું વળતર કમાવવાની ઉત્તમ તક...

**-: સંપર્ક : -**

**હેમંત મોતા**-લોનાવલાઃ 9370710891/9975360101
**વિરચંદ પટેલ**-ગાંધીધામ : 09909005201
**પરેશ માણેકજી દંડ**-ડોંબિવલી-98678291442

**પેમેન્ટ સુવિધા :** બુકીંગ સમયે અડધું અને બાકીનું પેમેન્ટ દસ્તાવેજ સમયે આપવાનું રહેશે.

પ્રારંભિક ઓફર : **રૂા. ૧૧૦૦/- પ્રતિ ચો. વારના ભાવે** પ્લોટો મળશે.

***(વહેલો તે પહેલોના ધોરણે બુકીંગ)***

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના વર્ષીતપના આરાધકો

  

રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ની જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે, વર્તમાન ગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા સાહિત્યરત્ન, સંઘ હિતચિંતક **પૂ.આ.ભ. શ્રી. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** અને સાધુ-સાધ્વીજી ભગવંતની શુભ પ્રેરણાથી સમસ્ત **ભારતભરમાં વસતા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો** વર્ષીતપની આરાધના કરી રહ્યા છે. તેઓ પોતાના નામ સરનામા/કચ્છમાં ગામ, હાલ વસવાટ, ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ વિગત નીચે જણાવેલ સ્થળે લખીને તરત મોકલાવવા વિનંતી.

-ઃ સંપર્ક ઃ-

**કિશોર ગોવિંદજી કાયાણી**
એ-૧૩-૧૦ અપૂર્વ એપાર્ટમેન્ટ,
એલ.બી.એસ. માર્ગ,
મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦.
મોબાઈલ-09920195551
09920411795

**હિરાચંદ રાયચંદ ધુલ્લા**
૫૦૫ સરગમ, ગવનપાડા રોડ,
નીલમનગર ફેસ-૨ની બાજુમાં,
મુલુંડ(ઈ), મુંબઈ-૪૦૦ ૦૮૧
મોબાઈલ - 09619901907
09324970144

આગામી કાર્યક્રમની જાણકારી આપને પત્ર દ્વારા કરવામાં આવશે.

---

# પરબ
શક્તિ સંજીવની સોસાયટી

કાર્યાલય : ૯ જયંત વીલા, હીંગવાલા લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭

***આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે આયોજે છે...***

## THE VISION-2013

### જાહેર આમંત્રણ

Health Awareness to make Life Beautiful)

**દિવસ : શુક્રવાર, ૮ માર્ચ ૨૦૧૩**

**સમય : બપોરે ૧ થી સાંજે ૭ વાગ્યા સુધી...**

**સ્થળ : શ્રી માટુંગા મૂ.શ્વે. જૈન સંઘની શા. નારાણજી શામજી મહાજનવાડી.**

**'પરબ'નાં આગામી કાર્યક્રમો**

(૧) 'ફુલ બોડી ચેકઅપ' મુલુંડની **ફોર્ટીસ હોસ્પિટલ**માં વ્યક્તિ દીઠ ફક્ત **રૂા. ૨૫૨૫/-**માં સંપુર્ણ મેડીકલ ચેકઅપ.

(૨) ફુલ બોડી ચેક અપની સાથે 2 D Echo તથા Stress Test રૂા. **૪૧૦૦**માં વ્યક્તિ દીઠ, થાણાની **જ્યુપીટર હોસ્પિટલ**માં સર્વેને લાભ લેવા વિનંતી છે.

**નોંધ : એપ્રિલના પ્રથમ સપ્તાહમાં 'અનાજ-મસાલા વિતરણ' રહેશે.**

॥ શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ

બારોઈ, મુન્દ્રા (કચ્છ)-૩૭૦૪૨૧.

આદરણીય બન્ને ગામવાસીઓ સપરિવાર જોગ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે **જલગામ** મધ્યે આપણાં સંયુક્ત મહાજન એવમ બન્ને ગામના ટ્રસ્ટ બોર્ડની સર્વસાધારણ સભા રાખવામાં આવેલ છે. જેમાં ગત સભાની વિગત, કાર્યકાળ દરમ્યાન થયેલા કાર્યોની વિગત વાર્ષિક હીસાબ બાબત, અને ભવિષ્યના કાર્યો બાબત ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવાશે. સંયુક્ત મહાજન અને ટ્રસ્ટબોર્ડની આગામી કાર્યક્રમ માટે ચુંટણી/નિયુક્તિ કરવામાં આવશે.

આ સહુને આગ્રહભરી વિનતી છે કે ઉપરોક્ત કાર્યક્રમમાં જરૂરથી પધારવા કૃપા કરશોજી.

ધન્યવાદ સાથે આભાર...

-: સભાનું શુભ સ્થળ અને સમય :-

**રવિવાર તા. ૧૦.૩.૨૦૧૩ સવારના ૧૦ કલાકથી....**
**નિલમ રેસીડેન્ટ્સ ચિત્રા ટોકિઝની સામે, જલગામ -૪૨૫૦૦૧**
સાધર્મિક ભક્તિ : **બપોરના ૧૧-૩૦ થી ૨-૦૦ કલાક સુધી**

-! સંપર્ક !-

**શ્રી ધનપતિ કુંવરજી મોમાયા-09423185716** **શ્રી દિનેશ જવેરચંદ મોમાયા-09422280110**
**શ્રી કેતન ઠાકરશી ગોસર-09422288616**

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ અને બન્ને ટ્રસ્ટબોર્ડ વતી**
**શ્રી પીયુષ ચંદુલાલ ડાઘા** (પ્રમુખશ્રી)
**શ્રી શ્રેણીક નરશી મોમાયા** (માનદ્‌મંત્રી) **શ્રી દિપક દામજી પોલડીયા** (માનદ્‌મંત્રી)
**શ્રી કેતન ઠાકરશી ગોસર** (ટ્રસ્ટી)

---

॥ શ્રી ચામુંડા માતાય નમઃ ॥

**કોઠારા** સ્થાને નમતા **મૈશેરી ગોત્ર પરિવાર**ની પાંચમી પહેડી

## હાર્દિક આમંત્રણ

આપણા પૂ. મા ચામુંડાની પાંચમી પહેડી ચૈત્ર શુદ-૪, **રવિવાર તા. ૧૪.૪.૧૩**ના **સવારના ૯.૦૦** કલાકે, **જીવરાજ ભાણજી હોલ, નાહુર વીલેજ, અશોક નગર, મુલુંડ (વે)** માં યોજેલ છે. આ પ્રસંગે સર્વે ભાવિકોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

-: દાતા પરિવાર :-

**માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી**
**(લાલા-મુલુંડ)**

સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા સમસ્ત ગોત્ર પરિવાર અને દાતા પરિવાર તરફથી આમંત્રણ છે.

નિમંત્રક : **શ્રી ચામુંડા માતાજી પહેડી સમિતિ**

---

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**એમ્બ્રોઈડરીનો નવો સ્ટોક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશન-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ, ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.**

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા
ફોન : 2402 5070 / 6504 6030
મો. 086522 39537
website : www.mahaviremembroidery.in

સાડીલાઈનના અનુભવી સેલ્સમેન જોઈએ છે. સારો પગાર મળશે.
(રવિવારે બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા




## સમસ્ત મહાજનશ્રી દ્વારા સંસ્થાકીય સંયુક્ત સભા

હું વિદ્યાર્થીગૃહમાં રહીને શ્રેષ્ઠ, સંસ્કારી અને ઉચ્ચ શિક્ષણ પામ્યો. સતત ૩૭ વર્ષથી અનુભવું છું કે સમગ્ર જ્ઞાતિસ્તરે વિભિન્ન સંસ્થાઓ, શ્રેષ્ઠીઓ દ્વારા જ્ઞાતિજનોને અપાતી શૈક્ષણિક, વૈદકીય અને સાધર્મિક આર્થિક સહાય અપાતી રહે છે જેની અનુમોદના.

જો આ બધી શક્તિઓને યોગ્ય રીતે સંકલિત કરવામાં આવે તો જરૂરીયાતમંદ જ્ઞાતિજનો માટે ઝડપી, અસરકારક અને ફળદાયી પરિણામો મેળવી શકાય. જ્ઞાતિના સર્વે ટ્રસ્ટો, મહાજનો, સંસ્થાઓને ૨૭.૧.૧૩ની સભામાં સમસ્ત મહાજને આમંત્ર્યા છે. વન વિન્ડો સીસ્ટમથી સહાયતાની પ્રક્રિયા સરળ, ઝડપી, સચોટ તેમજ ફળદાયી બનશે. ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે સમસ્ત મહાજન કોઈપણ નાણાંકીય ભંડોળ પોતાના હસ્તક લેવા કે વહીવટમાં દખલઅંદાજ કરવા માંગતું નથી. સહાય આપનાર (સંસ્થા કે શ્રેષ્ઠી) ની ઓળખ પણ પોતાની સ્વતંત્ર ઊભી રહેશે તેમજ સહાય પણ પોતાના દ્વારા (એટલે સંસ્થા કે શ્રેષ્ઠી) મોકલવાની રહેશે. સમસ્ત મહાજન તે માત્ર સંકલનકારની ભૂમિકા જ નિભાવશે.

સમસ્ત મહાજનની આ પહેલને વધાવી લઈ, ઝડપથી કાર્યાન્વિત કરવા સૌ અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સભામાં ઉપસ્થિત રહી આ યોજનાને સફળ બનાવી આવનારી પેઢી માટે કંઈક શ્રેષ્ઠ અને અતિ આવશ્યક. "વન વીન્ડો સીસ્ટમ" ચાલુ કરીએ.

મુલુંડ, ૧૦.૧.૧૩ **- બિપીન પી. નાગડા**

## સમાજના દાતાઓ-શ્રેષ્ઠીઓને અપીલ

પ્રવર્તમાન સમય અને સંજોગોમાં જ્ઞાતિના મધ્યમવર્ગી પરિવારો અસહ્ય મોંઘવારીના કારણે તંગ આર્થિક પરિસ્થિતિમાં ફસાયેલા કુટુંબોને સતાવતી ત્રણ મુખ્ય સમસ્યાઓ ૧. ટૂંકી આવક અને મોંઘવારી. ૨. બિમારી વખતે કમરતોડ તબીબી ઈલાજની ફી. ૩. ઉચ્ચ શિક્ષણ માટે મસમોટી ફી અને અન્ય માટે મોટી રકમની જરૂરિયાત. આ ત્રણે સમસ્યાઓ એવી છે જે ટાળી નથી શકાતી. આ સંજોગોમાં જ્યારે પણ કોઈ સાધર્મિક બંધુને જરૂર પડે છે ૨૦-૨૫ હજાર જેવી રકમ માટે પણ ૧૫ થી ૨૦ સંસ્થાઓમાં રીતસર ધક્કા ખાવા પડે છે. સાધર્મિકના આવા કપરા અવસરે તેને સાંત્વના આપી હિંમત પ્રદાન કરી અને તેમને કોઈ ક્ષોભ-સંકોચ ન થાય. જ્ઞાતિમાં કે સમાજમાં અત્યારે ઘણી સંસ્થાઓ, ટ્રસ્ટો મદદ કરે છે પણ એ બધાને સાંકળતી કોઈ કેન્દ્રવર્તી સંસ્થા હોય જે સાધર્મિકની માહિતી મેળવી દરેક સંસ્થાને જાણ કરી દે અને તેને મદદરૂપ થવા સંકલન કરાવે. માહિતીને અભાવે ગમે ત્યાં ભટકવામાં એનો સમય પણ બરબાદ ન થાય. પ્રવર્તમાન સંજોગોમાં જ્ઞાતિના દાતાઓ આ શ્રેષ્ઠીઓ આવા નેક-ઉમદા કાર્યને ઝડપી બનાવી જ્ઞાતિના આવા વર્ગના ખમીરને તોડી નાંખનારી આવી સમસ્યાઓ વખતે આ રીતે સંરક્ષક ઢાલ બની તેમની ઉપેક્ષા કરવાને બદલે એ તો મને પુણ્યાનુબંધી પુણ્યનું શ્રેષ્ઠતમ ભાથુ બંધાવી આપનાર મારો કલ્યાણમિત્ર છે એમ માનવાની સીડી તરફ આગળ વધશો જ એવી અપેક્ષા સહ..

મુલુંડ, ૧૩.૧.૧૩ **- કમલેશ વિશનજી લાપસીયા**

## જ્ઞાતિ વસતીપત્રક ફોર્મ

પ્રકાશ સમીક્ષામાં "ચર્ચાના ચોતરે" વિભાગમાં ઉપરના વિષયની વિગતો પર શ્રી પ્રવિણ ખોનાએ જે મંતવ્ય વ્યક્ત કર્યો છે એ સાચું અને એ ખરેખર ચર્ચાસ્પદ છે. મેં અને મારા દિકરાએ (જે M.B.A. છે) ફોર્મ ભરતાં ઘણી બધી કોલમો વાંચીને નવાઈ લાગી અને હસવું પણ આવ્યું કે આ માહિતીપત્રક ગર્વમેન્ટના ઈન્કમટેક્સ ડિપા. માટે ભરવાનો છે કે કોઈ Judicial Court માં રજુ કરવાનો છે? મારી જેમ આપણાં ઘણાં જ્ઞાતિજનોને આ માહિતીપત્રક અજુગતું લાગ્યું હશે. શું જરૂરી છે આવી બધી અંગત (personal) વિગતો છાપવાની?

અત્યાર સધીના વસ્તીપત્રકોમાં જરૂરી માહિતી એટલે કુટુંબના સભ્યોના નામ, સરનામું ટેલીફોન નંબર, મૂળ વતનનું ગામ, ગોત્ર, અભ્યાસ, નોકરી કે ધંધો, નિવૃત્ત, ગૃહકાર્ય એ પૂરતું છે. એનાથી બીજી કોઈ માહિતી તો એક બીજાને મળીને મેળવી શકે છે. વળી આપણે જાણીએ છીએ દર બે-ચાર વરસે ઘણું બધું બદલાઈ જાય છે. પછી કાયમી નોંધ માટે એ બધું શું જરૂરી છે? જ્ઞાતિ માટે જે માહિતી જરૂરી છે એ તો દર સપ્તાહે પ્રકાશ સમીક્ષાના "જીવનચક્ર" માં છપાય જ છે. જેમકે જન્મ, સગપણ, લગ્ન, મરણ અને બદલાયેલા ફોન નંબર વગેરે માહિતી તો ક્યારેક બબ્બે પાનાની હોય છે તો પણ અમુક મહિના પછી બદલાતી હોય છે જ.

છેલ્લે, હું તો અરજ કરીશ કે એક જ વસ્તીપત્રક કાયમ માટે રાખવાની શું જરૂરી? જ્યારે હવે તો દરેક શહેર પોતાના જ્ઞાતિબંધુઓનું વસ્તીપત્રક માહિતી દર વર્ષે કે કોઈ ખાસ પ્રસંગ પર સુધારેલી (updated) આવૃત્તિ સાથે છપાય છે અને જરૂરીયાત લોકોને અપાય છે. આશા છે કે ફેરવિચાર કરીને અગાઉ જણાવેલ માહિતી પ્રમાણેની જ વિગતો (details) નવા વસ્તીપત્રકમાં છાપે અને બિનજરૂરી વિગતો નહીં જ.

વડોદરા, ૧૩.૧.૧૩ **- શરદભાઈ ડી. મહેશ્વરી**

## લુપ્ત થતી લગ્નગીત પરંપરા

લગ્ન ગીત રાસમાં રમાતી રમતો નિહાળતા એક વાત ધ્યાન બહાર રહેતી નથી કે દાંડીયારાસના એક પ્રકાર મુજબ ધમાલ રમત અવશ્ય રમાતી. ધીમા ઢીલના ધબકારે બે ખેલૈયાં વચ્ચે રચાતી અને ધીમી ગતિથી શરૂ થઈ જલદ ગતિ ધારણ કરતી સારો એવો સમય લેતી ધમાલ રમત સહુ દર્શકોને જકડી રાખતી. ધમાલ રમતનો ઉલ્લેખ થાય ત્યારે રાપર ગઢવારીના સ્વ. શ્રી ચાંપશીભાઈ નાગડા તેમજ સંગાથે તેમના બંધુશ્રી અને કોઠારાના સ્વ. શ્રી કુંવરજી નરશી પટેલ અને લઘુબંધુ શ્રી મુરજીભાઈ નરશી પટેલની ગાથે રમાતી રમતો આંખ સામે તરી આવે અને યાદ આવ્યા વિના ન રહે! ફરી ક્યારે સજીવન થશે ધમાલ દાંડીયા રાસ?

મુલુંડ, તા. ૧૦.૧.૧૩ – **કાંતિલાલ કેશવજી મોતા**

## વન વીન્ડો સિસ્ટમ

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના મંત્રી શ્રી ચીમનભાઈ મોતા અને ટ્રસ્ટીઓ, કાર્યકરો છેલ્લા કેટલાયે સમયથી વિવિધ ગામોનાં મહાજનશ્રીઓ, કાર્યકરોને મળી સભાઓ ભરી, ચીવટભર્યા ચિંતન, મનન અને મનોમંથને જ્ઞાતિ સમક્ષ શૈક્ષણિક, વૈદ્યકિય અને સાધર્મિક સહાયના સુચારૂ વ્યવહારે "વનવિન્ડો સિસ્ટમ" દ્વારા જે ત્રિફલાની ટહેલ નાખી છે. જે ખરેખર અર્થસભર વ્યવસ્થા છે!

આવા સુચારૂ વ્યવહારે સમસ્ત મહાજનશ્રી નાતનું સંરક્ષણ, સંસ્કરણ, સંવર્ધન કરી નાતે ધારેલી દિશાઓને ઉઘાડ કરી શકાશે.

સુક્ષ્મ વિચારધારા અને દ્દઢ સંકલ્પ બળે જ્ઞાતિજનોની અપેક્ષિત અપેક્ષાઓને સાકાર કરી શકાશે. અનેકાનેક વાદ વિવાદે વરસો વેડફી નાંખ્યા. હવે જ્યારે જ્ઞાતિ આળસ મરડીને સમય અને સંજોગોને સમજી સમસ્ત મહાજનશ્રીનું અસ્તિત્વ હોવું સમજી શકી છે ત્યારે નાખેલી ટહેલ માટે પ્રત્યેક ગામના મહાજનશ્રીઓ પહેલ કરી ઉપરોક્ત વ્યવસ્થાને ચાર હાથે ઝીલી લે એ ઈચ્છનીય છે.

સમસ્ત મહાજનશ્રીએ હજારો માઈલનું પરિભ્રમણ કરી, મીટીંગો ભરી, રૂબરૂ મળી, સમીપતા લાવવા રીત-રિવાજોને સમજી ખરેજ કર્તવ્યને કંડારી હોવા ઘટે તેવા અમલીકરણના સ્થાને પહોંચી શક્યા છે. એ આપણાં સૌ માટે સુખદ શમણુ છે. સર્વાંગી વિકાસ માટે દૂરંદેશી અને દીર્ઘદ્દષ્ટિએ વિચારીને જે ત્રિફળા નાત સમક્ષ મૂકી છે એ પ્રેરક, પૂરક અને પ્રોત્સાહન હોઈ સહર્ષ સ્વીકારી સ.મ. ના વિચારોનું વર્તુળ વિસ્તૃત કરીએ એ નાતના હિતમાં છે.

"મહાજનો યેન ગત : સં પંથા" સઘળી કડાકૂટથી પર રહી. આયોજનોમાં એ એ સખાવતી ભંડોળનું આધિપત્ય પોતાનું રહી, તે તે ફંડનું લક્ષ જળવાઈ રહેશે એજ તો આ સિસ્ટમની વિશેષતા છે!! વન વીન્ડો એ વન રહેશે એ નિશંક છે.

ભાંડુપ, ૧૦.૧.૧૩ – **લહેરચંદ વેલજી મૈશેરી**

## જીવનસંધ્યાની સરાહનીય પારદર્શિતા

તાજેતરમાં ગદગના "જીવનસંધ્યા" વૃદ્ધાશ્રમને પત્ર લખી, તેમને કેટલું અનુદાન મળ્યું, ક્યાં વાપર્યું, નવા બાંધકામમાં વાપર્યું તો તેનો કેટલો ખર્ચ થયો વિગેરે વિગત અંગે પુછપરછ કરી.

તેમણે તાત્કાલિક ૩૧/૧૨/૨૦૧૨ સુધીનો હિસાબ કિતાબ પુરેપુરો મોકલી આપ્યો. ચણતર કામમાં સીમેન્ટ, રેતી, ઈંટ વિગેરેના પાર્ટીવાઈઝ બીલ અને તે સામેનું પેમેન્ટ વિગેરેની બધીય વિગતો સાથે બાંધકામનું પ્રોગ્રેસ દેખાડતા ફોટા પણ તાબડતોડ મોકલી આપ્યા.

સંસ્થાકીય પારદર્શિતા સંસ્થા પ્રત્યે આદરભાવથી જોવાની પ્રેરણા પુરી પાડે છે. હરીશ શિવલાલ મુનવર અને અન્ય ટ્રસ્ટીગણને હાર્દિક અભિનંદન.

મુલુંડ, તા. ૧૪.૧.૧૩ -**કુલીનકાંત ચાંપશી લુઠીયા**


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## તા. ૧૩.૧.૧૩ના નવકાર ભાષ્યજાપ અનુષ્ઠાન

બૃહદ મુંબઈ પંચપરમેષ્ઠી પરિવાર પ્રેરીત માતુશ્રી ચંદ્રાવતીબેન વી. મહેતા પરિવાર દ્વારા તા. ૧૩.૧.૧૩ના સવારે ૮ વાગે શ્રી જયંત રાહી સંગાથે ભવ્ય નવકાર ભાષ્યજાપ અનુષ્ઠાન દાદર-યોગી સભાગૃહમાં યોજાયા હતા. જેમાં હજારો ભાવિકોએ લાભ લીધેલ. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી શશીકાંત મહેતાએ પ્રેરક પ્રવચન આપેલ અને પંચપરમેષ્ઠિ પરિવાર દ્વારા જૈનરત્ન એવોર્ડ વિતરણ થયેલ.

કાર્યક્રમ બાદ સંઘ સાધર્મિક ભક્તિ હતી. પ્રારંભે શ્રી ભદ્રેશભાઈ મહેતા પરિવાર (વાલકેશ્વર) તરફથી દરેકને બે નવકાર જાપ, મુદ્રાજ્ઞાન અને ભક્તિગીતોના પુસ્તકની પ્રભાવના અને રૂા. ૧૦નું સંઘપુજન કરાયું. શ્રી જયંતભાઈ રાહી અને મંડળીએ સુંદર ભક્તિગીતો, નવકાર મહિમા સહ ભાષ્યજાપ કરાવ્યા. BMPP પરિવાર સ્વયંસેવકોએ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

## સમસ્ત મહાજન દ્વારા સંસ્કરણ શિબિર

સમસ્ત જ્ઞાતિ મહાજન આયોજીત અને વડોદરા મહાજનના સાનિધ્યમાં શ્રી નિશિથભાઈ દંડ (આણંદ પરિવાર) ના ઉદાર સહયોગે જ્ઞાતિની ઉગતીપેઢી ૮ થી ૧૫ વર્ષના બાળકો માટે સામાન્ય ધાર્મિક જ્ઞાન, ધર્મ, ગચ્છ, કચ્છ, દેવ-ગુરૂ આદિ માટેની માહિતી સહ સંસ્કરણ શિબિર તા. ૩.૨.૧૩ના વડોદરામાં સમાજભવનમાં યોજાયું છે. વાપીથી અમદાવાદના બાળકોને ખાસ સહભાગી થવા અપીલ છે. ઉગતીપેઢીમાં ધર્મ અને જ્ઞાતિ સાથે લગાવ થાય તે હેતુસર આ પ્રકારની શિબિરો ઠેકઠેકાણે યોજવા પ્રયાસ કરવામાં આવશે. દરેક મહાજન સંસ્થા અને જ્ઞાતિજનોએ આ પ્રવૃત્તિને વધાવી લેવા અપીલ છે. નિષ્ણાતો દ્વારા ગમ્મત સાથે જ્ઞાન-સદાચાર સંસ્કરણ આપવાની ભાવના છે. જેથી ઉગતી પેઢી ધર્મ-જ્ઞાતિની સંસ્કૃતિ સાથે સંકળાઈ રહે. શિબિરમાં સ્પર્ધાઓ, રચનાત્મક પ્રવૃત્તિ, પ્રશ્નોત્તરી અને સામાન્ય જ્ઞાન અપાશે. શ્રી નિશીથભાઈ દંડ અને શ્રી કેવલ નવીન વિકમશી અને કાર્યકરો શિબિરને સફળ બનાવવા જહેમત લઈ રહ્યા છે.

## સ્વસ્તિક ગ્રુપ દ્વારા રક્તદાન શિબિર

સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી દ્વારા રવિ. તા. ૩.૨.૧૩ના સવારે ૯ થી ૫ માં કે.બી. વીરા શાળામાં ફ્રી બ્લડગ્રુપ અને ડાયાબીટીશ ચેકઅપ કૅમ્પ યોજવામાં આવેલ છે. આ માનવતાવાદી ઉમદા પ્રવૃત્તિ માટે માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢ) અને માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા) એ ઉદાર સહયોગ આપ્યો છે. ગ્રુપના કાર્યકરો શિબિરને સફળ બનાવવા જહેમત લઈ રહ્યા છે. સમગ્ર કચ્છી સમાજને આ કૅમ્પમાં સહભાગી થવા હાર્દિક અપીલ છે.

## પરજાઉવાસીઓનું સ્નેહમિલન

પરજાઉના જ્ઞાતિજનો તથા નિયાણીબહેનોનું સપરિવાર સ્નેહમિલન અને વાર્ષિકસભા રવિ. તા. ૨૭.૧.૧૩નાં ૮ થી ૪માં શિશુકુંજ હૉલ, મુલુંડ(વે) માં યોજવામાં આવેલ છે. સર્વે ગામવાસીઓને પધારવા આમંત્રણ છે.

## કર્ણાટકમાં જૈનોને લઘુમતી માન્યતા

કર્ણાટક રાજ્યે નેશનલ માઈનોરીટીઝ કમીશન એક્ટ, ૧૯૮૨ હેઠળનાં નોટીફિકેશન (No. DOM-SCH-CR-01-2011-2012) માં જાહેરાત કરતાં રાજ્યમાં જૈનોને લઘુમતી તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. આથી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અપાતી સ્કોલરશીપ્સ (શિષ્યવૃત્તિઓ) મેળવવા જૈન વિદ્યાર્થીઓ હકદાર બનશે. પોતાના લેટરહેડ પર જ્ઞાતિ વિદ્યાર્થીઓને જૈન તરીકેના સમર્થનમાં પ્રમાણપત્ર (સર્ટીફિકેટ) આપવાની કાર્યવાહી કરવા યોગ્ય પૂર્વ તૈયારી કરવા સૂચન છે.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

શ્રી શાંતિજિન ગ્રુપ દ્વારા દાતા શ્રીમતી ભારતીબેન ભાગચંદ જૈન પરિવારનાં સહયોગથી ગ્રુપ અધ્યક્ષ શ્રી જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલનાં માર્ગદર્શન હેઠળ કચ્છમાં જ્ઞાતિના જરૂરતમંદ ૬૭ પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવેલ. રાશન તથા રોજિંદા વપરાશની વસ્તુઓ તેમનાં ઘરે પહોંચાડવામાં આવેલ. માંડવી જૈન આશ્રમનાં આશ્રિતોને તથા વિવિધ જિનાલયોનાં પુજારીઓને કપડા જોડ પણ આપવામાં આવેલ અને દરેક જિનાલયોમાં અષ્ટપ્રકારી પૂજાની વસ્તુઓ અપાયેલ.

વિતરણ વ્યવસ્થામાં શ્રી કિરણ દંડ, પ્રબોધ મુનવર ભદ્રીકભાઈ મૈશેરી, કુસુમકાંત લાલકા, પંકજ દંડ, હેમંત મોતા, મનોજ ગાલા, ભુપેન્દ્ર ડાઘા, ખુશાલ મૈશેરી, હીરાચંદ મૈશેરી, ધવલ દંડ, શાંતિલાલ શેઠ, ભુપેન્દ્ર વિકમશી, અરવિંદ લોડાયા અને ચંદ્રકાંત મુનવરનો સહકાર રહ્યો.

## નલિનપુર નારી નિગમ

તા. ૧૪.૨.૧૩નાં 'વેલેન્ટાઈન્સ ડે સ્પેશ્યલ' કાર્યક્રમ દેવપુંજ હોલ, મુલુંડ (વે) માં બપોરના ૨ વાગે યોજ્યું છે. સભ્યોને લાલ રંગના ડ્રેસ કોડમાં આવવા આમંત્રણ છે. વિવિધ રમતોનાં ખજાનાં સાથે વિવિધ ઈનામો રહેશે.

તા. ૯.૩.૧૩નાં 'વિશ્વનારી દિન' નિમિત્તે પણ એક સુંદર કાર્યક્રમ રહેશે. જેમાં સમસ્ત નલિયાની બહેનો અને નિયાણીઓને આમંત્રણ છે. જેમણે પણ સામાજિક, વ્યાવસાયિક અને કલાક્ષેત્રે કંઈક આગવી સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેમણે પોતાના નામ અને કાર્યસિધ્ધિની વિગતો મોકલાવા અપીલ છે. એમાંથી પસંદગી કરી મંડળ દ્વારા સન્માન કરાશે. સંપર્ક : પૂર્વીબેન છેડા-9920328602 અને વીણાબેન નાગડા-9967666380.

## કચ્છી જૈન સમાજ-ઈંદોર

અત્રે સમાજના યુવા ગ્રુપે પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. પ્રેરણાએ પાલીતાણા યાત્રા ગોઠવી. તા. ૨૨/૧૨ના પ્રસ્થાન કરી પાવાગઢ તીર્થે મહાકાળી દર્શન કર્યા.

શેત્રુંજય તીર્થની યાત્રાને પક્ષાલ, પુજા, દર્શનનો લાભ લીધો. ગિરીરાજ યાત્રા કરી પંચતીર્થ દર્શન કર્યા. તા. ૨૬/૧૨નાં ઈંદોર પરત આવ્યા. આ પ્રવાસમાં ૩૦ સભ્યો જોડાયા હતા. જેમાંથી કેટલાક પ્રથમવાર યાત્રાએ આવેલ. ગચ્છઅધિષ્ઠાયિકા મહાકાળી અને શેત્રુંજય તીર્થનો મહિમા જાણ્યો. પાલીતાણામાં અચલગચ્છ ઈતિહાસ, જૈન વિજ્ઞાન, ભુગોળ, જંબુદ્વીપ અને જૈન સંસ્કૃતિ મ્યુઝીયમ જોયું અને જાણ્યું. જેમાંથી ઘણી માહિતી પ્રાપ્ત થઈ.

ઉગતી પેઢીને ઘણી ઉપયોગી માહિતી, ધાર્મિક અને વ્યવહારીક સંસ્કરણ માહિતી મળી. જૈનોલોજી વિચારધારા જાણી જ્ઞાન ગમ્મત સાથે રમતો રમી આનંદ માણ્યો.

વડીલોએ સુંદર માર્ગદર્શન કર્યું. સમાજના સક્રિય કાર્યકર શ્રી રાજેશ ધરમશી સપરિવાર સાથે હતા. સહયોગીઓ સુધીર લોડાયા, ચંદ્રેશ લોડાયા, યાશ્મીન છેડા વગેરે સાથે હતા. વ્યવસ્થામાં અધ્યક્ષ શ્રી નિમેશ મૈશેરી, વૈભવ ખોના અને જિગ્નેશ નાગડાએ જહેમત લીધી હતી.

## શ્રી. જી.વી.સી. ક.દ.ઓ. જૈન સંઘ

મુલુન્ડમાં યોજાનાર અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષામહોત્સવ પ્રસંગે જવા-આવવા માટે સંઘ દ્વારા બસનું આયોજન છે.

ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં શાસન પ્રભાવનાના અણમોલ પ્રસંગને માણવા તા. ૨૩.૧.૧૩ના અનંતછાયાથી સવારે ૬ વાગે બસ ઉપડશે.

સંઘ નવકારશી-ભક્તિની વ્યવસ્થા, મુલુંડ ઈસ્ટ સંઘમાં છે. સંઘના ઈચ્છુક સભ્યોએ રૂા. ૧૦૦ ડીપોઝીટ ભરી નામો અનંતછાયા દેરાસરજીની ઓફિસે નોંધાવી શકાશે. બસમાં પ્રવાસ સમયે ડીપોઝીટ પરત કરાશે.

## કુલપાકજી-હૈદરાબાદ યાત્રા

માતુશ્રી ઝવેરબાઈ જવેરચંદ લોડાયા (મોટી સિંધોડી-જાલના)ના અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે પરિવારજનોની શ્રી કુલપાકજી તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવેલ.

તા. ૨૮.૧૨.૧૨નાં બીડ-જાલના-રાજકોટ-મુંબઈ-હુબલી-બેંગ્લોરથી રવાના થઈ તા. ૨૯.૧૨.૧૨ હૈદરાબાદથી નવગ્રહ-તીર્થદર્શન, કુલપાકજી પુજા સેવા, ભક્તિ-વંદનાનો લાભ લીધેલ.

તા. ૩૦.૧૨.૧૨નાં રામોજી ફિલ્મસિટીની મુલાકાત લઈ, શ્રી અચલગચ્છ જૈન દેરાસર (કાચીગુડા)માં મહાકાલીની ભક્તિ ભાવના-હૈદરાબાદ સંઘ સાથે ભણાવેલ-સંઘપૂજન પ્રભાવનાનો લાભ લીધેલ.

તા. ૩૧.૧૨.૧૨નાં માતુશ્રી ઝવેરબાઈનાં ચાર પેઢીના પરિવારજનોએ માતૃવંદના-ઋણસ્વીકાર નો કાર્યક્રમ અને હૃદયની ઉર્મીઓને પ્રગટ કરતો ''માં-બાપને ભુલશો નહીં'' કાર્યક્રમ રજુ કરવામાં આવેલ, શ્રી ચૈતન્ય પુરી દર્શન સેવા પુજા તેમજ સ્વામિવાત્સલ્યનો લાભ લઈ હૈદરાબાદ દર્શન કરી નવા વર્ષના શુભારંભે સંઘ પરત ફરેલ.

## કેડીઓ સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબ, મુંબઈ

ક્લબના સભ્યો તા. ૧૬ થી ૨૩-૧૨-૧૨ દરમ્યાન ૭ દિવસનો સૌરાષ્ટ્રમાં આવેલ તિર્થો, દેરાસરો, મંદિરો તથા પર્યટન સ્થળોનો યાદગાર પ્રવાસ કર્યો હતો.

તા. ૧૬મીના ટ્રેનથી એસી. ડબ્બામાં પ્રયાણ કર્યું. સાંજના શેઠીયા ટુર્સનું ટ્રેનમાં સરસ જમણ હતું. તા. ૧૭મી સવારે રાજકોટ ઉતરી શ્રી અજારા પાર્શ્વનાથ તિર્થે ગયા. ત્યાં પુજાસેવા, દર્શન કરી સાંજના દિવ પહોંચી હોટલ અપારમાં રોકાયા.

તા. ૧૮મીની સવારે દિવ બંદરનો કીલ્લો, નાગોઆ બીચ, ચર્ચ અને મ્યુઝીયમ જોયા. ભોજન બાદ સોમનાથ ગયા. ત્યાં જગમશહુર જ્યોર્તિલિંગ મંદીરમાં દર્શન કર્યા અને ફર્યા. રાત્રે વેરાવળની હોટલ પાર્કમાં રોકાયા.

તા. ૧૯મીની વહેલી સવારે સાસણગીરમાં બે જીપ કરી જંગલોમાં સિંહો, મગર, કાચબા વિવિધ પક્ષીઓ જોયા. જીવ સૃષ્ટીના નિષ્ણાત શ્રી દિનેશ ગોસ્વામીએ વનજીવનના વિવિધ પાસા સમજાવ્યા. બપોરે વંથલીના દેરાસર અને શ્રી ચામુંડાદેવી મંદિરે દર્શન કર્યા.

તા. ૨૦મીના શ્રી ગીરનાર યાત્રા તથા તળેટીના દેરાસર દર્શન તથા ત્યાં પૂ. મૂની સર્વોદયસાગર મ.સા. ને વંદન કર્યા. તા. ૨૧મીની સવારે જુનાગઢના પ્રાચીન દેરાસરો, મ્યુઝીયમ, મંદીરોની મુલાકાત લીધી. બપોરે પાટણવાવ નજીક આવેલ શ્રી સિમંધર સ્વામી દેરાસર તથા નવનિર્મિત શ્રી ઓશમ દેરાસરમાં દર્શન કર્યા. ચોરવાડમાં આવેલ શ્રી ધીરૂભાઈ અંબાણીના બંગલામાં હાલમાં બનાવેલ મ્યુઝીયમની મુલાકાત લીધી.

તા. ૨૨મીના રાજકોટ પહોંચી, મુંબઈ તરફ રવાના થયા. આગામી ગોવા પ્રવાસમાં ૩૭ તથા આસામ પ્રવાસમાં ૨૭ યાત્રીકો જોડાયા છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**હરીશ હંસરાજ ધરમશી** ૧૧૦૫-એ-૧ નીલકંઠ વેલી, ધોકાલી નાકા, કોલશેત રોડ, થાણા (વેસ્ટ), ફોન : 9967311211
**હર્ષદ એમ. લોડાયા** એ-૭૦૪, શિવમ એપા. દત્ત મંદિર રોડ, ભાંડુપ (વે) મુંબઈ-૭૮
**રાયશી એન. મૈશેરી** સી-૨૫, રામપંચાયતન, શિવમંદિર રોડ, શિવમંદિર સામે, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧ ફોન : 9324797204
**શાંતિલાલ દેવાંગ મૈશેરી** હાઉસ નં. ૨-૨૦-૧૦૩/૧, ચિલ્કાનગર, ઉપ્પલ, હૈદ્રાબાદ-૫૦૦૦૩૯ ફોન : 09848671871
**ખુશાલચંદ લાલજી પોલડીયા** ૩૦૬ અશોક વાટીકા, ફેઝ-૨, સુનિલ નગર, નાંદીવલી રોડ, ડોંબીવલી (ઈ)-૪૨૧૨૦૧ ફોન : 9867383251
**રોનક લલિત ખોના** ૫, ગોકુલ મથુરા, જયહિંદ કોલોની, ગુપ્તે ક્રોસ રોડ, ડોંબિવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| લહેરચંદ મણશી પોલડીયા | ડોંબિવલી | 9930177091 | પ્રતાપસિંહ પદમશી છેડા | મુલુંડ | 240124729/ 9324171179 |
| તારીકા લહેરચંદ પોલડીયા | ડોંબિવલી | 9323911697 | ગુણવંતી પ્રતાપસિંહ છેડા | મુલુંડ | 8080480789 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭.૧૦.૧૨ | ડોંબિવલી | SNMA030205 | ક્રીશ-ક્રિંકેશ ઝવેરચંદ મૈશેરી | નાની સિંઘોડી | પુત્ર |
| ૧૦.૧.૧૩ | UK | BDLO020503 | ભવ્ય-દીપેશ પારસ લોડાયા | બાંઢિયા | પુત્ર |
| ૧૭.૧૨.૧૨ | વાશી | VRDA | જૈનમ-પંકજ શામજી ડાઘા | વરાડીયા | પુત્ર |
| ૨૫.૧૧.૧૨ | ઘાટકોપર | RVL0020303 | અમી-કલ્પેશ મહેન્દ્ર લોડાયા | રવા | કન્યા |
| ૨૬.૧૨.૧૨. | બાર્શી | PRDD050103 | વંશ-નીતિન વર્ધમાન દંડ | પરજાઉ | પુત્ર |
| ૨૯.૧૧.૧૨ | ડોંબીવલી | JKSL041103 | વ્યોમ-હિરેન નલીન શિયાડ | જખૌ | પુત્ર |
| ૨૧.૧૦.૧૨ | ડોંબીવલી | DALI030603 | ધ્રીતિ-મયુર મુકેશ લાપસીયા | દલતુંગી | કન્યા |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫.૧.૧૩ | પુના | A | વરૂણ શ્રીકાંત યેરી | કરજગી | ૩૨ |
| | મુલુંડ | BHDH040503 | સ્નેહા વિનોદ હંસરાજ ધરમશી | ભરૂડીયા | ૩૦ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૧૧.૧૨ | ભાંડૂપ | VVLO010803 | વીકી હર્ષદ મુલચંદ લોડાયા | વારાપધર | ૨૭ |
| | મુલુંડ | JKHF020403 | કોમલ રાજેશ ડુંગરશી હેફા | જખૌ | ૨૫ |
| ૧.૧.૧૩ | માટુંગા | SNMA030103 | કુણાલ લહેરચંદ કલ્યાણજી મૈશેરી | નાની સિંઘોડી | ૩૦ |
| | થાણા | NLNG290903 | પૂર્વી મૃગેન લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ૨૬ |
| ૧૭.૧.૧૩ | ડોંબીવલી | SIMO0200403 | પરાગ દેવેન્દ્ર રતીલાલ મોમાયા | સાંયરા | ૨૬ |
| | ડોંબીવલી | VRLO0601040 | કુંજલ પદમશી લાલજી લોડાયા | વરાડીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૧.૧૨ | મેલબોર્ન | A | પ્રદીપ હનુમંતરાવ બાડુગુ | રાજમુદ્રી | ૨૭ |
| | મેલબોર્ન | SUDH090703 | અમૃતા હીરેન-પ્રતાપ ધરમશી | સુથરી | ૨૬ |

### સુધારો

અંક નં. ૫૧માં આંતરજ્ઞાતિય સગપણ નોંધમાં કન્યા સિધ્ધિ લલિત ધરમશી બદલે **રિધ્ધિ લલિત ધરમશી** સુધારીને વાંચવું.


# ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

HYP

# હિતયોગી પરિવાર

## અનુમોદના



શ્રી હિતેશભાઈ



સૌ. નિશાબેન

પ્રાચીન મહામના શ્રાવકોની જીવંત સ્મૃતિ રૂપ, પ્રભુ આસનમાં રહસ્યોને પામેલા, શુધ્ધ આચારોથી ઘડાયેલ અખંડ આરાધક, સાચા દાનવીર, ચતુર્વિધ સંઘમાં યશ પતાકા સમાન, અમારા સૌના સાચા હિતચિંતક શ્રાધ્ધવર્ય **શ્રી હિતેશભાઈ** તથા ષડ્દર્શન માતા શ્રી અનુપમા દેવીની જીવંત યાદ અપાવનાર **સૌ. નિશાબેન,** છેલ્લા પાંચ વર્ષથી પ્રભુ ધર્મના રંગે રંગાઈને એકથી એક ચડિયાતા કાર્ય કરી. કરાવી રહ્યા છો. અંતરથી થતી આપની ઉદારતાની અનુમોદના કરવા શબ્દકોષમાં કોઈ શબ્દો જ નથી. કારણ આપભીના સુકાર્યો અને સદ્આચારોથી જૈન સમાજમાં ચારેય ફિરકાઓમાં કોઈ અજાણ નથી. ખુબજ અલ્પ સમયમાં આપશ્રીએ આપનાં સદકાર્યો અને સદાચારથી સર્વે જનોનાં લોકપ્રિય બન્યા છો.

જે પરિવારમાં પૂજ્ય ગુરૂદેવ અને આપશ્રીનું નામ જોડાયેલું હોય, જે પરિવારને ‘‘૨૭.૪.૨૦૧૩’’ ના ચાર-ચાર વર્ષ પુરા થશે. એવા **‘હિતયોગી પરિવાર’** ના વિશેષણનો લાભ અમને પણ મળેલ છે. આપશ્રી આજ રીતે શાશ્વત સુખોના લાડલા બનો અને અમને પણ બનાવો. અમારા માટે આવું ભવ્ય ચાતુર્માસ યશસ્વી, ઐતિહાસિક અને યાદગાર રહ્યું.

જન્મદાતા રત્નકુક્ષી પુણ્યશ્લોકી **માતુશ્રી તારાબેન માણેકજી મોતા**ને નતમસ્તકે વંદન. જેમનાં પરિવારમાં રામ અને સીતાની જેમ પૂજ્ય **શ્રી હિતેશભાઈ** અને **શ્રીમતી નિશાબેન,** જેમના લવ-કુશ જેવા પુત્ર **ચિ. જય મોતા** અને **ચિ. અજય મોતા** અને ભરત-લક્ષ્મણ જેવા બંધુ **કલ્પેશભાઈ મોતા** અને **નિલેશભાઈ મોતા** જેવા મહાનુભાવ હાજર હોય, એવા સહપરિવારે પાંચ-પાંચ મહિના શ્રી સિદ્ધાચલ મહાતીર્થે હાજર રહી ઉત્કૃષ્ટ આરાધના કરી અને કર્મનિર્જરા કરી એ રીતે બન્ને અર્થે કામ ઉપર વિજય મેળવ્યાં છે.

સમસ્ત કચ્છી સમાજના કોહિનુર રત્ન સમાન મહારાજા જેમણે વિશ્વભરમાં જિનશાસનનો જયજયકાર કર્યો છે. તે જોતાં આવા મહાપુરુષોના ચરણોમાં મસ્તક ઝુકી જાય છે. ભુરી ભુરી અનુમોદના...

**સમસ્ત હિતયોગી પરિવાર વતી**

**મહેન્દ્ર માલશી લોડાયા**

સંપર્ક : 9820511595 / 9324636999 / 9022136999
E-mail : hityogiparivaar2010@gmail.com

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# દશાઈનો ડંકો ગાજે જિનશાસનમાં...

## પાલીતાણા તીર્થે શ્રેષ્ઠ ધર્મ આરાધના-સુકૃતોના શિલ્પી

# માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ)



શ્રી હિતેશભાઈ મોતા



સૌ. નિશાબેન મોતા

આપના દ્વારા થયેલ ધાર્મિક-આધ્યાત્મિક આરાધનાની સહૃદયે અનુમોદના કરીએ છીએ. આપશ્રીએ સપરિવાર કઠોર તપારાધના કરી, ધર્મ આજ્ઞા જયણાં પાળી જીવન ધન્ય બનાવ્યું છે. ગુરૂભક્તિ અને શ્રુતજ્ઞાન-દાનધર્મ સુપેરે દીપાવ્યા છે. આપની જ્ઞાન, દર્શન ચારિત્ર્યની આ રત્નત્રયી આરાધના થકી સમસ્ત મોતા પરિવાર, રાપરગઢ ગામ, દશા ઓશવાલ જ્ઞાતિ અને કચ્છી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

આપની સુખશાતા, સુખાકારી અને જીવનની શ્રેષ્ઠ પ્રગતિ ઈચ્છીએ છીએ. આપના મનોરથો સર્વથા ફળીભુત થાઓ એવી શુભ કામના. આપની ઉદારતા અને ધર્માચાર પ્રવૃત્તિઓની અનુમોદના...

**: શુભેચ્છા-અનુમોદન :**

શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી પરિવાર (ગાંધીધામ)
શ્રીમતી સીમાબેન લબ્ધિકુમાર મોમાયા પરિવાર
(જખૌ-ગાંધીધામ)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**